*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૧, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૩૦૬૧ તા.૧૬/૦૩/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૭૧૦૦) અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી તા.૦૫/૦૪/૨૦૧૬ ના રોજ પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૪ થી આપવામાં આવેલ જવાબ વિરૂધ્ધ જાહેર માહિતી અધિકારીએ માહિતી છુપાવી હોય તેમ કારણ જણાવી તા.૨૯/૦૪/૨૦૧૬ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદા :–*

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ તેઓની માંગણી મુજબની માહિતી છુપાવી રહયા હોવાનું જણાવી તેઓએ માંગેલ સંપુર્ણ માહિતી પુરી પાડવા હાલની અપીલ કરેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૧૮/૦૫/૨૦૧૬ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–*

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની પ્રસ્તુત અરજીમાં માંગવામાં આવેલ માહિતી સંપુર્ણ/અંશતઃ માહિતી અત્રેના ખાતાને લાગત હોવાનું જણાવી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૮૧૪, તા.૧૯/૩/૧૬ થી મધ્યસ્થ મહેકમ વિભાગ તેમજ બ્રીજસેલ વિભાગની સાથે સાથે તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૨૩/૩/૨૦૧૬ ના રોજ મળેલ. અરજદારે સદરહુ અરજીના મુદ્દા નં.૧ થી ૬ માં સુરત મહાનગરપાલિકામાં કર્મચારીઓની બદલી, ત્યારબાદ ફરી પુનઃવિચારણા કરી સ્થળમાં ફેરફાર, મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પાંચ વર્ષથી કામગીરી કરી રહેલા વિજય બી. દેસાઈ સહિતના અધિકારીઓની બદલી ન થવાના કારણો, ટાઉન પ્લાનર રાજેશ જે. પંડયા તેમજ શહેર વિકાસ અધિકારી મનિષ એમ. ડોકટર એકબીજાના વિભાગો સંભાળી રહયા છે તેની કાયદાકીય જોગવાઈ વિગેરે, ખાતાકીય તપાસ ચાલુ હોય તેમ છતાં અધિકારીઓને મહત્વના વિભાગોની જવાબદારી સોંપવામાં આવેલ હોય તેની વિગતો–તેની કાયદેસરતા, બ્રિજ દુર્ઘટના પ્રકરણમાં કાર્યપાલક ઈજનેર શ્રી બી. કે. ઘઢીયાને કોર્ટ ધ્વારા કે સુરત મહાનગરપાલિકા કે સરકારશ્રીએ કિલનચીટ–નિર્દોષતા કરાર આપેલ હોય તેની માહિતી, ન કરેલ હોય તો હાલમાં કરેલ નિમણૂંકની કાયદેસરતા, કાયદાકીય જોગવાઈના પરિપત્રો વિગેરેની માહિતીની માંગણી કરેલ. પરંતુ અરજદારની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી જે કામગીરી બાબતે માંગેલ તેવી કર્મચારીઓની બદલી, પુનઃવિચારણા કરી સ્થળમાં ફેરફાર, અધિકારીઓની બદલી ન થવાના કારણો, ટાઉન પ્લાનર રાજેશ જે. પંડયા તેમજ શહેર વિકાસ અધિકારી મનિષ એમ. ડોકટર એકબીજાના વિભાગો સંભાળી રહયા છે તેની કાયદાકીય જોગવાઈ વિગેરે, અધિકારીઓને મહત્વના વિભાગોની જવાબદારી સોંપવાની કામગીરી અત્રેના ખાતામાંથી કરવામાં આવતી ન હોય તેમજ બ્રિજ દુર્ઘટના પ્રકરણમાં શ્રી બી.કે.ગઢીયાને અરજીમાં જણાવ્યા મુજબની કિલનચીટ–નિર્દોષતા કરાર આપેલ ન હોય તેઓની કરવામાં આવેલ નિમણૂંકની કાર્યવાહી અત્રેના ખાતા મારફત કરવામાં આવતી ન હોય જેથી તેવી નિમણૂંકની કાયદેસરતા તેમજ કાયદાકીય જોગવાઈના પરિપત્રોની માહિતી અત્રેના ખાતામાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તે મુજબ અરજદારને જવાબ આપવામાં આવેલ. આમ, મુદ્દા નં.૧ થી ૬ માં જણાવ્યા મુજબની કામગીરી જ અત્રેના ખાતામાંથી કરવામાં આવતી ન હોય, તેવી માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ જ ન હોય, અરજદારની અપીલમાં જણાવ્યા મુજબ તેવી માહિતી અરજદારથી છુપાવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વળી, અરજદારે અપીલમાં અમો વિરૂધ્ધ કરેલ આક્ષેપોના આધારમાં કોઈ લેખિત આધાર કે પુરાવા રજૂ કરેલા નથી.

અરજદારે અરજીના મુદ્દા નં.૭ તથા ૮ થી અઠવાલાઈન્સ બ્રિજ દુર્ઘટનામાં ત્રણ સભ્યોની કમિટિએ કરેલ તપાસ અને રજૂ કરેલ અહેવાલની પ્રમાણિત નકલ તેમજ સદર કમિટિએ સીટી ઈજનેર વ બ્રીજ સેલના વડા જતીન એસ. શાહને હાજર રહેવા જણાવેલ હોય અને તેઓ હાજર રહયા હોય તે અંગે તેમજ તેઓને કિલનચીટ આપેલ હોય તેના કાયદાકીય જોગવાઈના પરીપત્રો વિગેરે માહિતીની માંગણી કરેલ છે, પરંતુ સદર તપાસ કમિટિનું ગઠન કરવાની કામગીરી કે સદર તપાસ કમિટિએ કરેલ તપાસની કાર્યવાહી અને અહેવાલ રજૂ કરવા સુધીની કોઈ કામગીરી અત્રેના ઈન્કવાયરી ખાતા મારફત થયેલ ન હોય, અરજીના મુદ્દા નં.૭–૮ બાબતે પણ અરજદારને અત્રેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી. જે મુજબ અરજદારને જવાબ આપવામાં આવેલો છે તે યોગ્ય છે. વળી, અઠવાલાઈન્સ બ્રિજ દુર્ઘટના પ્રકરણમાં જવાબદાર ઈજનેરો સામે ખાતાકીય તપાસની કાર્યવાહી હાલ ડે.કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ સાહેબ સમક્ષ પ્રગતિ હેઠળ છે અને તે ખાતાકીય તપાસની કાર્યવાહીમાં અરજદારની અરજીમાં જણાવ્યા મુજબનો મહાનગરપાલિકાના ત્રણ સભ્યોની તપાસ કમિટિએ કરેલ તપાસની કાર્યવાહીનો અહેવાલ મહાનગરપાલિકાના ફરીયાદપક્ષના પુરાવા તરીકે સામેલ છે. જેથી હાલ સદર કિસ્સામાં ખાતાકીય તપાસની કાર્યવાહી પ્રગતિ હોય, માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ઝ) ની જોગવાઈ જોતા તેવી પ્રગતિ હેઠળની તપાસની પ્રક્રિયામાં અવરોધ ઉભો થાય તે રીતે પણ સદર રીપોર્ટ અરજદારને મળવાપાત્ર નથી. સબબ, અરજદારને અત્રેથી આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે અપીલ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોય, અરજદારને અપીલમાં માંગ્યા મુજબની કોઈ દાદ ઉપરની વિગતે મળવાપાત્ર નથી, તેમ જાહેર કરી અરજદારની અપીલ દફતરે કરવાનો હુકમ કરવાની જરૂર છે.

...૨...

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે જ અરજદારને હાલની અપીલ કરવાનું કોઈ સચોટ કારણ જણાયેલ ન હોય, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે તેમની નમુના–ક ની અરજીના મુદ્દા નં.૧ થી ૬ માં સુરત મહાનગરપાલિકામાં કર્મચારીઓની બદલી, ત્યારબાદ ફરી પુનઃવિચારણા કરી સ્થળમાં ફેરફાર, મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં પાંચ વર્ષથી કામગીરી કરી રહેલા વિજય બી. દેસાઈ સહિતના અધિકારીઓની બદલી ન થવાના કારણો, ટાઉન પ્લાનર રાજેશ જે. પંડયા તેમજ શહેર વિકાસ અધિકારી મનિષ એમ. ડોકટર એકબીજાના વિભાગો સંભાળી રહયા છે તેની કાયદાકીય જોગવાઈ વિગેરે, ખાતાકીય તપાસ ચાલુ હોય તેમ છતાં અધિકારીઓને મહત્વના વિભાગોની જવાબદારી સોંપવામાં આવેલ હોય તેની વિગતો–તેની કાયદેસરતા, બ્રિજ દુર્ઘટના પ્રકરણમાં કાર્યપાલક ઈજનેર શ્રી બી. કે. ઘઢીયાને કોર્ટ ધ્વારા કે સુરત મહાનગરપાલિકા કે સરકારશ્રીએ કિલનચીટ–નિર્દોષતા કરાર આપેલ હોય તેની માહિતી, ન કરેલ હોય તો હાલમાં કરેલ નિમણૂંકની કાયદેસરતા, કાયદાકીય જોગવાઈના પરિપત્રો વિગેરેની માહિતીની માંગણી કરેલ. પરંતુ અરજદારની માંગણી મુજબની કામગીરી ઈન્કવાયરી ખાતામાંથી કરવામાં આવતી નથી. જેથી તેવી માહિતી ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ ન હોય તે હકીકત સ્વભાવિક છે. જેથી અરજદારની અપીલમાં જણાવ્યા મુજબ તેવી માહિતી અરજદારથી છુપાવવાનું જાહેર માહિતી અધિકારીને કોઈ કારણ જણાતું નથી. વળી, અરજદારે અરજીના મુદ્દા નં.૭ તથા ૮ થી અઠવાલાઈન્સ બ્રિજ દુર્ઘટનામાં ત્રણ સભ્યોની કમિટિએ કરેલ તપાસ અને રજૂ કરેલ અહેવાલની પ્રમાણિત નકલ તેમજ સદર કમિટિએ સીટી ઈજનેર વ બ્રીજ સેલના વડા જતીન એસ. શાહને હાજર રહેવા જણાવેલ હોય અને તેઓ હાજર રહયા હોય તે અંગે તેમજ તેઓને કિલનચીટ આપેલ હોય તેના કાયદાકીય જોગવાઈના પરીપત્રો વિગેરે માહિતીની માંગણી કરેલ છે. પરંતુ રેકર્ડ જોતા સદર તપાસ કમિટિનું ગઠન કરવાની કામગીરી કે સદર તપાસ કમિટિએ કરેલ તપાસની કાર્યવાહી અને અહેવાલ રજૂ કરવા સુધીની કોઈ કામગીરી ઈન્કવાયરી ખાતા મારફત થયેલ જણાતી નથી. જેથી અરજીના મુદ્દા નં. ૭–૮ બાબતે પણ જાહેર માહિતી અધિકારરી અને સેકશન ઓફીસક(ઈન્કવાયરી) એ પૂર્તતા કરવાની જવાબદારી જણાતી નથી. વળી, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ મુજબ અઠવાલાઈન્સ બ્રિજ દુર્ઘટના પ્રકરણમાં જવાબદાર ઈજનેરો સામે ખાતાકીય તપાસની કાર્યવાહી હાલ ડે.કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ સાહેબ સમક્ષ પ્રગતિ હેઠળ હોવાનું જણાય છે. તે સંજોગોમાં પણ માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ઝ) ની જોગવાઈ મુજબ પ્રગતિ હેઠળની તપાસની પ્રક્રિયામાં અવરોધ ઉભો થાય તે રીતે પણ સદર રીપોર્ટ અરજદારને મળવાપાત્ર નથી તેવી જાહેર માહિતી અધિકારીની દલીલ વ્યાજબી જણાય છે.

આમ, ઉપરોકત વિગતે અરજદારે હાલની અપીલ જે નમુના–ક ની અરજી ઉપર કરેલ છે તે નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના ઉકત જવાબ સામે હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. જેથી નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –: *હુકમ* :–

અરજદારે કરેલ અપીલમાં જણાવેલ કારણસર ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ વિરૂધ્ધ અપીલમાં જણાવ્યા મુજબનું અપીલ કરવાનું કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૧૪૩
તા.૨૧/૦૫/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૨, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૧૨(મધ્યસ્થ કચેરી) તા.૧૦/૦૨/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૬૬૦૯) અન્વયે તેઓને કુલ–૭૨ વિભાગના જાહેર માહિતી અધિકારીઓએ આપેલ જવાબથી નારાજ થઈ કુલ–૭૨ અપીલ અધિકારીઓને ઉદ્દેશીને તા.૭/૬/૨૦૧૬ ના રોજ કરેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે અપીલમાં કુલ–૭૨ વિભાગના જાહેર માહિતી અધિકારીઓએ માંગ્યા મુજબની માહિતીઓ આપી ન હોવાનું જણાવી તેમજ માહિતી ન આપવા સબબ અધિનિયમની જોગવાઈ વિરૂધ્ધ કોઈ વાજબી કારણ દર્શાવતી વિગત જણાવવામાં આવેલ ન હોવાનું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–*

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૧૨(મધ્યસ્થ કચેરી) તા.૧૦/૦૨/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૬૬૦૯) થી માંગવામાં આવેલ આંશિક માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી ના પત્ર નં.સી./આર.ટી.આઈ./૬૧૨, તા.૧૨/૦૨/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૧૭/૦૨/૧૬ ના રોજ મળેલ. અરજદારે તેમની અરજીમાં અત્રેના સુરત મહાનગરપાલિકાને લાગત મુદ્દાથી નીચે મુજબની માહિતીની માંગણી કરેલ.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓએ ગુજરાત રાજય સેવા વર્તણૂક નિયમો૧૯૭૧ નું અક્ષશઃ પાલન કરવાનું હોય છે.... તમામ જાહેર સેવકોના મેળવાયેલ તમામ ફોર્મ જે નિયત સમયમર્યાદામાં દરેક સરકારી કચેરીમાં જમા કરાવવાના હોય છે તે અંગેની તમામ પ્રમાણિત દસ્તાવેજોની માહિતી... તેથી માંગ્યા મુજબની માહિતી સોગદનામા સાથેની આપવી (ગીફ્ટ રજીસ્ટરમાં નોંધ નંબર સાથેની આપવી જો રજીસ્ટરમાં નોંધ કરાવી હોય તો) ઉપરોકત તમામ માહિતીના દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી. |
| મુદ્દા નં.૨ | ઉપરોકત (૧) ના સંદર્ભ અન્વયે કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના તાબા હેઠળ આવતી તમામ સાત ઝોન ઓફીસો અને મુખ્ય વહીવટી કચેરીમાં ફરજ બજાવતા.... વર્ગ–ર અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા તમામ વિભાગના તમામ ઉપરી અધિકારીઓ અન્વયેની માહિતી આપવી. સદર ઉપરોકત તમામના પુરા નામ અને સરનામા વિષેની માહિતી તેઓના ચૂંટણી ઓળખપત્ર મુજબની આપવી. |

આમ, અરજદારે સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારી ધ્વારા રજુ કરાયેલી સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) તેમજ અધિકારી/ કર્મચારીઓની સદર મુદ્દામાં અરજીમાં જણાવ્યા મુજબની મેળવેલી ગીફટની માહિતીની માંગણી કરેલ. તેમજ મુદ્દા નં.ર થી સુરત મહાનગરપાલિકાના વર્ગ–ર અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા તમામ વિભાગના તમામ ઉપરી અધિકારીઓ પુરા નામ અને સરનામા વિષેની માહિતી તેઓના ચૂંટણી ઓળખપત્ર મુજબ આપવા માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી અન્વયે અત્રેના તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૪૫ તા.૦૫/૩/૨૦૧૬ થી સમયમર્યાદામાં નીચે મુજબ જવાબ આપેલ.

| | |
|---|---|
| પૂર્તતા–૧ | સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારી ધ્વારા રજુ કરાયેલી સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) તેમજ અધિકારી/ કર્મચારીઓની સદર મુદ્દામાં જણાવ્યા મુજબની અન્ય માંગવામાં આવેલ માહિતીઓનો કોઈ રેકર્ડ કે રજીસ્ટરો અત્રેના ઈન્કવાયરી ખાતા મારફત નિભાવવામાં આવતા ન હોય, માંગ્યા મુજબની માહિતીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહી હોય માહિતી "નીલ" છે. |
| પૂર્તતા–ર | ભારત સરકારના કર્મચારીવર્ગ, જાહેર ફરીયાદો અને પેન્શન મંત્રાલય, કર્મચારીવર્ગ અને તાલીમ વિભાગની કચેરી યાદી નં.૧૧–ર–૨૦૦૮ આઈઆર, તા.૧૦–૭–૨૦૦૮ માં સૂચવ્યા મુજબ સામગ્રી(માહિતી) જે રૂપમાં હોય તે રૂપે પુરી પાડવાની રહે છે. સબબ, તમારી માંગણી મુજબ નામ અને સરનામા વિષેની માહિતી તેઓના ચૂંટણી ઓળખપત્ર મુજબ તૈયાર કરીને આપવાની રહેતી નથી. જે જાણશો. વર્ગ–ર ની કક્ષામાં આવતા અત્રેના ખાતાકીય તપાસ અધિકારીની નામ–સરનામાની વિગત મહાનગરપાલિકાની વેબસાઈટ http://suratmunicipal.gov.in ઉપરથી મેળવી શકો છો. |

અરજદારની માંગણી મુજબ મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબ માહિતીઓનો કોઈ રેકર્ડ કે રજીસ્ટરો અત્રેના ઈન્કવાયરી ખાતા મારફત નિભાવવામાં આવતા ન હોય, ખરેખર તેવી માહિતીઓ મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત નિભાવવામાં આવતા હોવાથી અરજદારની માંગણી મુજબની માહિતીનો કોઈ રેકર્ડ અત્રે ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ નહી હોવાથી અરજદારને મુદ્દા નં.૧ અંગે "નીલ" માહિતી આપવા અંગેનો જવાબ તેથી યોગ્ય છે.

અરજદારે મુદ્દા નં.ર માં કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના તાબા હેઠળ આવતી તમામ સાત ઝોન ઓફીસો અને મુખ્ય વહીવટી કચેરીમાં ફરજ બજાવતા.... વર્ગ–ર અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા તમામ વિભાગના તમામ ઉપરી અધિકારીઓ અન્વયેની માહિતી માંગી તમામના પુરા નામ અને સરનામા વિષેની માહિતી તેઓના ચૂંટણી ઓળખપત્ર મુજબ આપવાની માંગણી કરેલ. પરંતુ ઉપર પૂર્તતા–ર માં જણાવ્યા મુજબની કચેરી યાદીમાં સૂચવ્યા મુજબ તેમજ માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૭ ની પેટા કલમ–૯ મુજબ જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતીમાંથી

...ર...

અરજદારની માંગણી મુજબના નમુનામાં અરજદારને તે માહિતી તૈયાર કરીને પુરી પાડવાની રહેતી નથી. જાહેર માહિતી અધિકારીએ, જાહેર સત્તામંડળ પાસે સામગ્રી જે રૂપમાં હોય તે રૂપે પુરી પાડવાની હોય છે. વળી, અરજીમાં જણાવ્યા મુજબ અત્રેના વર્ગ–૨ ની કક્ષામાં આવતા ખાતાકીય તપાસ અધિકારીની નામ–સરનામાની વિગત પ્રોએક્ટીવ ડીસ્કલોઝર હેઠળ મહાનગરપાલિકાની વેબસાઈટ http://suratmunicipal.gov.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે ત્યાથી વિગત મેળવી લેવા અરજદારને જણાવવામાં આવેલ. જે આપવામાં આવેલ જવાબ યોગ્ય છે.

આમ, અરજદારને અત્રેથી માંગ્યા મુજબની માહિતી અન્વયે રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જવાબ પાઠવવામાં આવેલ છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ નથી. વળી, અરજદારે હાલની અપીલ કુલ–૭૨ જાહેર માહિતી અધિકારીઓના જવાબ સામે એક જ પ્રકારનું કારણ દર્શાવી કરેલ છે. અરજદારે અત્રેના જવાબ વિરૂધ્ધ નારાજ હોવાનું કોઈ અલગ કે સ્પષ્ટ કારણ જણાવેલ નથી. જેથી પણ અરજદારની અપીલ અત્રેના જાહેર માહિતી અધિકારી વિરૂધ્ધ ચાલી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.

## *સુનાવણીની વિગતોઃ–*

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારી ધ્વારા રજુ કરાયેલી સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) તેમજ અધિકારી/ કર્મચારીઓની સદર મુદ્દામાં અરજીમાં જણાવ્યા મુજબની મેળવેલી ગીફટની માહિતીની માંગણી કરેલ. તેમજ મુદ્દા નં.ર થી સુરત મહાનગરપાલિકાના વર્ગ–ર અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા તમામ વિભાગના તમામ ઉપરી અધિકારીઓ પુરા નામ અને સરનામા વિષેની માહિતી તેઓના ચૂંટણી ઓળખપત્ર મુજબ આપવા માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી ખાતાના તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) તરફથી અરજદારને તા.૫/૩/૨૦૧૬ ના રોજ સમયમર્યાદામાં જવાબ પાઠવેલ.

જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ, પ્રથમ અપીલ અન્વયે રજૂ કરેલ પૂર્તતા અહેવાલની વિગતે જોઈએ તો ઈન્કવાયરી વિભાગમાંથી અધિકારી/કર્મચારી ધ્વારા રજુ કરાયેલી સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) તેમજ અધિકારી/ કર્મચારીઓની મુદ્દા નં.૧ માં અરજીમાં જણાવ્યા મુજબની મેળવેલી ગીફટની માહિતીના રજીસ્ટરો નિભાવવામાં આવતા નથી. સ્થાયી મિલ્કત અંગેના પત્રકો (પ્રફોર્મા–૧) મહાનગરપાલિકાના મધ્યસ્થ મહેકમ વિભાગ મારફત નિભાવવામાં આવતા હોય, સદર મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

અરજદારે મુદ્દા નં.ર માં સુરત મહાનગરપાલિકાના વર્ગ–ર અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા તમામ વિભાગના તમામ ઉપરી અધિકારીઓ પુરા નામ અને સરનામા વિષેની માહિતી તેઓના ચૂંટણી ઓળખપત્ર મુજબ આપવા માંગણી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીનો અહેવાલ તેમજ કાયદામાં કરવામાં આવેલ જોગવાઈ જોતા અરજદારની માંગણી મુજબના પ્રફોર્મામાં કે અરજી સાથે દર્શાવેલા કોઈ નમુનામાં અરજદારને માહિતી આપવાની રહેતી નથી. અત્રેના ઈન્કવાયરી ખાતામાંથી આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ ની જોગવાઈ મુજબ પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળ ઈન્કવાયરી વિભાગના કર્મચારીઓની માહિતી જાહેર કરવામાં આવે છે. જે માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પણ પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે તમામ નાગરિકો જોઈ શકે છે. આમ, મુદ્દા નં.ર જાહેર માહિતી અધિકારીએ અરજદારને વર્ગ–ર ની કક્ષામાં આવતા ઈન્કવાયરી વિભાગના ખાતાકીય તપાસ અધિકારીની નામ–સરનામાની વિગત મહાનગરપાલિકાની વેબસાઈટ http://suratmunicipal.gov.in ઉપરથી મેળવી લેવા જણાવેલ. જે જવાબ પણ યોગ્ય જ જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. જેથી નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

અરજદારે કરેલ અપીલમાં જણાવેલ કારણસર ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના જવાબ વિરૂધ્ધ અપીલમાં જણાવ્યા મુજબનું અપીલ કરવાનું કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૨૭૯
તા.૦૭/૦૭/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ,
(૨) જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

**એમ.ડી.સોલંકી**
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૩, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી કમલ કંડેલ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– આઈ.ડી.નં.૪૦૫(સે.ઝોન) તા.૨૦/૦૫/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૭૮૫૮) થી માંગવામાં આવેલ માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૮૫, તા.૦૮/૬/૧૬ થી આપવામાં આવેલ જવાબ સંતોષકારક નહી હોવાનું કારણ જણાવી તા.૨૮/૬/૨૦૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદ્દા :–

અરજદારે અપીલમાં તેઓને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી)એ આપેલ જવાબ સંતોષકારક ન હોવાનું જણાવી હાલની અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

અરજદાર શ્રી કમલ કંડેલની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૦૫(સે.ઝોન) તા.૨૦/૦૫/૨૦૧૬ થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૪૦૫ તા.૨૧/૦૫/૧૬ થી તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મધ્યસ્થ મહેકમ વિભાગ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૯૭, તા.૨૬/૦૫/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૨૪/૦૫/૧૬ ના રોજ મળેલ. અરજદારે તેમની અરજીમાં મ્યુનિ.કમિશ્નરશ્રી એમ. એ. દાસ સાહેબની બદલીના છેલ્લા બે દિવસમાં થયેલ બદલી, બઢતી કે ઈન્ચાર્જ કરેલ રીપોર્ટ, ઓર્ડર વિગેરે બાબતે જુદી જુદી માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી અત્રેના ઈન્કવાયરી ખાતાની કામગીરી લાગત માહિતી અન્વયે અરજદારને અત્રેના તત્કાલીન જાહેર માહિતી અધિકારી ધ્વારા નીચે મુજબ જવાબ આપવામાં આવેલ છે.

| મુદ્દા | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૪ | સુરત મ.ન.પા.માં કાર્યપાલક તથા તેની ઉચ્ચ જવાબદાર અધિકારીઓ ઉપર ચાલતી ખાતાકીય તપાસ કે કોર્ટ મેટર અંગે આજદિન સુધી થયેલ તપાસ, લેવાયેલ પગલા તથા તપાસ અધિકારીનું નામ અને હોદ્દો જણાવો. | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તમોએ માંગણી કરેલ માહિતી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે વ્યકત થતી હોય માંગવામાં આવેલી માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ તેમજ અધિનિયમની કલમ–૮(૧)(ઝ) ની જોગવાઈ મુજબ તમારી માંગણી મુજબની માહિતી જાહેર કરવાજોગ નથી. જે જાણશો. |
| ૫ | કાર્યપાલક તથા ઉચ્ચ વર્ગના અધીકારીને પાઠવેલ નોટીસો ...... ની નકલો. | |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતો જોતા તેઓએ સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધની ખાતાકીય તપાસ/શિક્ષાત્મક કાર્યવાહીની માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, તેવી માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે પણ તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. વળી, તે હુકમમાં જે જાહેર માહિતી અધિકારીએ નકલ ફી ચાર્જ કરી તેવી માહિતી પુરી પાડવા તૈયારી બતાવેલ છે તે જાહેર માહિતી અધિકારીઓને પણ વિવાદીએ ભરેલ તમામ નકલ ફી ની રકમ પરત આપવા આદેશ કરેલ છે.

આમ, નામદાર આયોગે પણ કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહીની માહિતીને અંગત પ્રકારની હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનું ઠરાવેલ છે. જે સંજોગોમાં અત્રેથી અરજદારને આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

...૨...

## *સુનાવણીની વિગતોઃ–*

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતા પ્રથમદર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની અરજીમાં ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દાથી અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધની ખાતાકીય તપાસ/શિક્ષાત્મક કાર્યવાહીની માહિતીની માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી વિભાગના તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૮૫, તા.૦૮/૬/૧૬ થી જવાબ પાઠવી અરજદારે માંગણી કરેલ માહિતી "અંગત માહિતી" ગણાતી હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ઠરાવી તેમજ તેવી માહિતી જાહેર કરવી યોગ્ય જણાતુ ન હોવાનું ઠરાવી તેવી માહિતી અરજદારને આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજના જડ્જમેન્ટનો આધાર લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમાં કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" ગણાવી, તેવી માહિતી આપી શકાય નહી તેવો તેમજ, માહિતી અધિકાર અન્વયે " As matter of right " માંગી શકાય નહી તેવું ઠરાવેલ છે.

વળી, જાહેર માહિતી અધિકારીએ તેમના પૂર્તતા અહેવાલમાં ઉલ્લેખ્યા મુજબ ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. આમ, દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોએ તેમજ રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રીએ પણ કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ, તેઓને આપેલ મેમો, ચાર્જશીટ, શોકોઝ, શિક્ષાત્મક કાર્યવાહીની વિગત "અંગત માહિતી" તરીકે ઠેરવેલ હોય, જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી, તેથી અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) નો જવાબ યોગ્ય જણાતો હોય, અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૩૨૦
તા.૨૧/૦૭/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી કમલ કંડેલ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/04, ૨૦૧૬–૧૭**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **શ્રી હિંમતલાલ બી. લીંબાસીયા** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## ***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– આઈ.ડી.નં.૭૩૫(સે.ઝોન) તા.૦૧/૦૭/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૮૩૦૩) થી માંગવામાં આવેલ માહિતી ૩૦ દિવસ પુરા થયા બાદ પણ મળેલ ન હોવાનું કારણ જણાવી તા.૦૧/૯/૨૦૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં તેઓની અરજીનો ૩૦ દિવસ પુરા થયા બાદ પણ માહિતી મળેલ ન હોવાનું જણાવી હાલની અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી હિંમતલાલ બી. લીંબાસીયાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૭૩૫(સે.ઝોન) તા.૦૧/૦૭/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૮૩૦૩) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૭૩૫, તા.૦૨/૦૭/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં તેઓને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૯, તા.૨૫/૦૮/૧૫ અન્વયે કરેલ આખરી હુકમની નકલની માંગણી કરેલ. જે અન્વયે અત્રેના રેકર્ડ મુજબ અરજદારને આપવામાં આવેલ સદર કારણદર્શક નોટીસ અન્વયે આખરી હુકમ થયેલ ન હોય, તે હકીકત મુજબનો જવાબ અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૮૩, તા.૧૧/૦૭/૨૦૧૬ થી આપવામાં આવેલો.

અરજદારે તેઓની હાલની અપીલમાં જાણે તેઓને ૩૦ દિવસની મુદત વિત્યા બાદ પણ માહિતી મળેલ નથી તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. પરંતુ ખરી હકીકતમાં અરજદારને જે જવાબ પાઠવવામાં આવેલો તે જવાબીપત્ર ધરાવતું કવર અરજદારને અત્રેની મધ્યસ્થ કચેરી મારફત ફ્રેન્કીંગ મારફત પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે જવાબી કવર અત્રેના ખાતાને પરત મળેલ નથી. જેથી સદર જવાબ અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય. જેથી અરજદારને હાલની અપીલમાં જણાવ્યા મુજબના કારણસર અપીલ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. અરજદારે અપીલમાં માંગેલ માહિતીમાં નમુના 'ક' મુજબની માહિતીની માંગણી કરેલ છે. પરંતુ તે નમુના–ક માં અરજદારે માંગણી કર્યા મુજબ તેઓને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૯, તા.૨૫/૦૮/૧૫ અન્વયે આ પૂર્તતા અહેવાલની તારીખે પણ કોઈ આખરી હુકમ થયેલ નથી. સબબ, અત્રેના રેકર્ડ આધારિત અરજદારને આપવામાં આવેલ જવાબ સાચો અને યોગ્ય હોય, અરજદારને હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

## ***સુનાવણીની વિગતોઃ–***

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, રેકર્ડ જોતા પ્રથમદર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની મુળ નમુના–ક ની અરજીમાં તેઓને મ્યુનિ.કમિશનરશ્રી ધ્વારા આપવામાં આવેલ કારણદર્શક નોટીસ નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૯, તા.૨૫/૦૮/૧૫ અન્વયે કરેલ આખરી હુકમની નકલની માંગણી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ અહેવાલની વિગતો તેમજ અત્રેના ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા, અરજદારની કારણદર્શક નોટીસ ઉપર હાલ કોઈ આખરી નિર્ણય થયેલો હોવાનું જણાતું નથી. જે સંજોગોમાં જાહેર માહિતી અધિકારીનો જવાબ રેકર્ડ આધારિત યોગ્ય જણાય છે. વળી, અરજદારે હાલની અપીલમાં તેઓને નમુના–ક ની અરજીનો ૩૦ દિવસની મુદત વિત્યા બાદ પણ માહિતી મળેલ નથી તેવું કારણ જણાવેલ છે. તે અન્વયે જાહેર માહિતી અધિકારીએ કરેલ પૂર્તતા મુજબ અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા જે જવાબ પાઠવવામાં આવેલો, તે જવાબીપત્ર ધરાવતું કવર અરજદારને ફ્રેન્કીંગ મારફત પોસ્ટથી મોકલવામાં આવેલ. જે જવાબી કવર પરત આવેલું નથી. જેથી સદર જવાબ અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય તેવી જાહેર માહિતી અધિકારીની દલીલ માની શકાય.

આમ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવવામાં આવેલો જવાબ યોગ્ય હોવાનું જણાતું હોય, તેમજ અરજદારની જવાબ ન મળ્યાની તકરાર પણ જાહેર માહિતી અધિકારીની દલીલ જોતા, યોગ્ય જણાતી નથી. વળી, પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી વિભાગના રેકર્ડની વિગતે અરજદારે જે કારણદર્શક નોટીસના આખરી હુકમની માંગણી કરેલ છે તે કારણદર્શક નોટીસ ઉપર કોઈ આખરી હુકમ થયેલો જણાતું નથી, તેથી અરજદારે હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૬૭
તા. ૨૭/૦૯/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી હિંમતલાલ બી. લીંબાસીયા,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૫, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૪૮૦(વેસ્ટ ઝોન) તા.૦૨/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૩૮) થી માંગવામાં આવેલ માહિતી જાણી જોઈને આપેલ ન હોવાનું કારણ જણાવી તા.૦૨/૦૯/૨૦૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારીએ જાણી જોઈને માહિતી આપેલ નથી. કારણ કે જાહેર માહિતી અધિકારીએ જે માહિતી આપવાની છે તે રેકર્ડ માહિતી અપીલ અધિકારીશ્રી મનહરભાઈ સોલંકી પાસે છે જે જાહેર માહિતી અધિકારીને આપતા ન હોવાનું જણાવી હાલની અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (ઈન્કવાયરી)એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૮૦ (વેસ્ટ ઝોન), તા.૦૨/૦૮/૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૩૮) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર (વેસ્ટ ઝોન)ના પત્ર નં.WZ/RTI/N0/૮૦૩, તા.૦૨/૦૮/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં સુરત મહાનગરપાલિકાના રાંદેરઝોનમાં ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ) ફા.પ્લોટ નં.૧૯૧ ખાતે આવેલ EWS અવાસની સીલીંગ પ્રક્રિયા કરતા મિડીયા ધ્વારા પ્રકાશિત ખબર અન્વયે મે.કમિશ્નરશ્રી ધ્વારા તપાસ કમિટિ તથા વિજીલન્સ વિભાગને તપાસ સોંપેલ અન્વયે વિજીલન્સ વિભાગ તથા તપાસ કમિટિમાં કાર્યપાલક ઈજનેરશ્રી જતીન એમ. દેસાઈ ધ્વારા તૈયાર કરેલ તપાસ રીપોર્ટની નકલ તથા તપાસ રીપોર્ટના આધારે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગત આપવા વિનંતી. અરજદારની માંગણી અન્વયે અરજદારને અત્રે ઉપલબ્ધ માહિતીના પાના નંગ–૦૩ આપવા જોગ છે. જે પાના નંગ–૦૩ ના રૂા.૨/– લેખે રૂા.૬/– અંકે રૂપિયા છ પુરા જમા કરાવવા અરજદારને જણાવવા જોગ છે. તે હકીકત મુજબનો જવાબ અરજદારે અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૮૧, તા.૨૦/૦૮/૧૬ થી જણાવવામાં આવેલ. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે દર્શાવવા આ અહેવાલ સાથે મધ્યસ્થ કચેરીનું સને ૨૦૧૬–૧૭ ના વર્ષનું પોસ્ટનું ફ્રેન્કીંગ મશીન ડીસ્પેચ રજીસ્ટરની તા.૨૨/૦૮/૧૬ ના પાનાની ઝેરોક્ષ નકલ સામેલ કરેલ છે. જે જોતા સદર અરજદારને નાણાં ભરવા અંગેની જાણ કરતા પત્રનું કવર તા.૨૨/૦૮/૧૬ ના રોજ પોસ્ટ મારફત બજાવવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજવ્યે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ અરજદારને નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના– ક ની માહિતી જાણી જોઈને આપેલ નથી તેવુ ખોટુ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારે તેઓની હાલની અપીલમાં જાહેર માહિતી અધિકારીએ જાણી જોઈને માહિતી આપેલ નથી. તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. પરંતુ ખરી હકીકતમાં અરજદારને જે જવાબ પાઠવવામાં આવેલો તે જવાબીપત્ર ધરાવતું કવર અરજદારને અત્રેની મધ્યસ્થ કચેરી મારફત ફ્રેન્કીંગ મારફત પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે જવાબી કવર અત્રેના ખાતાને પરત મળેલ નથી. જેથી સદર જવાબ અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય. જેથી અરજદારને હાલની અપીલમાં જણાવ્યા મુજબના કારણસર અપીલ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. અરજદારે અપીલમાં માંગેલ માહિતીમાં નમુના 'ક' મુજબની માહિતીની માંગણી કરેલ છે.સબબ, અત્રેના રેકર્ડ આધારિત અરજદારને આપવામાં આવેલ જવાબ સાચો અને યોગ્ય હોય, અરજદારને હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

## ***સુનાવણીની વિગતોઃ–***

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, રેકર્ડ જોતા પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

આ કેસની હકીકતે તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતાના અહેવાલની વિગતો જોતા સુરત મહાનગરપાલિકાના રાંદેરઝોનમાં ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ) ફા.પ્લોટ નં.૧૯૧ ખાતે આવેલ EWS અવાસની સીલીંગ પ્રક્રિયા કરતા મિડીયા ધ્વારા પ્રકાશિત ખબર અન્વયે મે.કમિશ્નરશ્રી ધ્વારા તપાસ કમિટિ તથા વિજીલન્સ વિભાગને તપાસ

૨...

સોંપેલ અન્વયે વિજીલન્સ વિભાગ તથા તપાસ કમિટિમાં કાર્યપાલક ઈજનેરશ્રી જતીન એમ. દેસાઈ ધ્વારા તૈયાર કરેલ તપાસ રીપોર્ટની નકલ તથા તપાસ રીપોર્ટના આધારે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગત આપવા વિનંતી. અરજદારની માંગણી અન્વયે અરજદારને અત્રે ઉપલબ્ધ માહિતીના પાના નંગ–૦૩ આપવા જોગ છે. જે પાના નંગ–૦૩ ના રૂા.૨/– લેખે રૂા.૬/– અંકે રૂપિયા છ પુરા જમા કરાવવા અરજદારને જણાવવા જોગ છે. અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૮૧, તા.૨૦/૦૮/૧૬ થી જણાવેલ છે. નાણાં ભરવા અંગેની જાણ કરતા પત્રનું કવર અરજદારને અરજીમાં જણાવેલા સરનામે સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે દર્શાવવા આ અહેવાલ સાથે મધ્યસ્થ કચેરીનું સને ૨૦૧૬–૧૭ ના વર્ષનું પોસ્ટનું ફ્રેન્કીંગ મશીન ડીસ્પેચ રજીસ્ટરની તા.૨૨/૦૮/૧૬ ના પાનાની ઝેરોક્ષ નકલ સામેલ કરેલ છે. જે જોતા સદર અરજદારને નાણાં ભરવા અંગેની જાણ કરતા પત્રનું કવર તા.૨૨/૦૮/૧૬ ના રોજ પોસ્ટ મારફત બજવવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજવ્યે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય છે.

આમ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવવામાં આવેલો જવાબ યોગ્ય હોવાનું જણાતું હોય, તેમજ અરજદારની જવાબ ન મળ્યાની તકરાર પણ જાહેર માહિતી અધિકારીની દલીલ જોતા, યોગ્ય જણાતી નથી. વળી, પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી વિભાગના રેકર્ડની વિગતે અરજદારે હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૬૬
તા. ૨૭/૦૯/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી,

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ,.. જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/06, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી અરૂણ એસ. પાઠક**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– આઈ.ડી.નં.૨૭૫(મધ્યસ્થ કચેરી) તા.૦૬/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૮૭૬૨) થી માંગવામાં આવેલ માહિતી સંપૂર્ણ ન મળતા અથવા માહિતી તબદીલ ન કરેલ હોવાનું કારણ જણાવી તા.૧૨/૦૯/૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદ્દા :–

અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી તમામ ઝોન પાસેની માહિતી મેળવતી અરજી હોવા છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા સંપૂર્ણ માહિતી આવેલ નથી કે સંબંધિત તમામ સત્તા મંડળને તે અરજી તબદીલ કરેલ નથી. જેથી ઘટતી કાર્યવાહી કરી માંગેલ માહિતી પુરી પાડવા હુકમ કરવા અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

અરજદાર શ્રી અરૂણ એસ. પાઠકની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૨૭૫(મધ્યસ્થ કચેરી) તા.૦૬/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૮૭૬૨) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેન્ટ્રલ ઓફીસ ના પત્ર નં.સી/આર.ટી.આઈ./૨૭૫, તા.૦૮/૦૮/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં સુરત મહાનગરપાલિકાનાં રાંદેર ઝોનના નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હિંમતલાલ બી. લિમ્બાશીયાની તા.૦૧/૧૦/૧૯૯૬ થી તા.૦૬/૦૮/૨૦૧૬ સુધીની વિગત માંગતી માહિતી બાબતે જુદી જુદી માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી અત્રેના ઈન્કવાયરી ખાતાની કામગીરી લાગત માહિતી અન્વયે અરજદારને અત્રેના તત્કાલીન જાહેર માહિતી અધિકારી ધ્વારા નીચે મુજબ જવાબ આપવામાં આવેલ છે.

| માંગેલી માહિતી | કરવાજોગ પૂર્તતા |
|---|---|
| સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અને વરાછા ખાતે રહેતા હિંમતલાલ બી. લીમ્બાશીયા બાબતે આવેલ ફરીયાદ, અરજી, ચાર્જશીટ તેમજ તે અંગે થયેલ કાર્યવાહી બાબત... (અરજીના મુદ્દાઓ પૈકી શ્રી હિંમતલાલ લીમ્બાશીયા વિરૂધ્ધ આવેલ ફરીયાદ અને તેના ઉપર થયેલ કાર્યવાહી બાબતની માહિતી પુરતુ) | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ તમોએ માંગેલ માહિતી જાહેર કરવાજોગ નથી. જે જાણશો. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતો જોતા તેઓએ સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અને વરાછા ખાતે રહેતા હિંમતલાલ બી. લીમ્બાશીયા બાબતે આવેલ ફરીયાદ, અરજી, ચાર્જશીટ તેમજ તે અંગે થયેલ કાર્યવાહી બાબત... (અરજીના મુદ્દાઓ પૈકી શ્રી હિંમતલાલ લીમ્બાશીયા વિરૂધ્ધ આવેલ ફરીયાદ અને તેના ઉપર થયેલ કાર્યવાહી બાબતની માહિતી પુરતુ) માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, તેવી માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે પણ તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. વળી, તે હુકમમાં જે જાહેર માહિતી અધિકારીએ નકલ ફી ચાર્જ કરી તેવી માહિતી પુરી પાડવા તૈયારી બતાવેલ છે તે જાહેર માહિતી અધિકારીઓને પણ વિવાદીએ ભરેલ તમામ નકલ ફી ની રકમ પરત આપવા આદેશ કરેલ છે.

આમ, નામદાર આયોગે પણ કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહીની માહિતીને અંગત પ્રકારની હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનું ઠરાવેલ છે. જે સંજોગોમાં અત્રેથી અરજદારને આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

...૨...

## *સુનાવણીની વિગતોઃ–*

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતા પ્રથમદર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની અરજીમાં ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દાથી સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અને વરાછા ખાતે રહેતા હિંમતલાલ બી. લીમ્બાશીયા બાબતે આવેલ ફરીયાદ, અરજી, ચાર્જશીટ તેમજ તે અંગે થયેલ કાર્યવાહી બાબત... (અરજીના મુદ્દાઓ પૈકી શ્રી હિંમતલાલ લીમ્બાશીયા વિરૂધ્ધ આવેલ ફરીયાદ અને તેના ઉપર થયેલ કાર્યવાહી બાબતની માહિતી પુરતુ) માહિતીની માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી વિભાગના તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૩૧, તા.૦૩/૦૯/૧૬ થી જવાબ પાઠવી અરજદારે માંગણી કરેલ માહિતી "અંગત માહિતી" ગણાતી હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ઠરાવી તેમજ તેવી માહિતી જાહેર કરવી યોગ્ય જણાતુ ન હોવાનું ઠરાવી તેવી માહિતી અરજદારને આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજના જડ્જમેન્ટનો આધાર લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમાં કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" ગણાવી, તેવી માહિતી આપી શકાય નહી તેવો તેમજ, માહિતી અધિકાર અન્વયે " As matter of right " માંગી શકાય નહી તેવું ઠરાવેલ છે.

વળી, જાહેર માહિતી અધિકારીએ તેમના પૂર્તતા અહેવાલમાં ઉલ્લેખ્યા મુજબ ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર **ન** હોવાનો હુકમ કરેલ છે. આમ, દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોએ તેમજ રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રીએ પણ કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ, તેઓને આપેલ મેમો, ચાર્જશીટ, શોકોઝ, શિક્ષાત્મક કાર્યવાહીની વિગત "અંગત માહિતી" તરીકે ઠરાવેલ હોય, જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી, તેથી અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) નો જવાબ યોગ્ય જણાતો હોય, અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૯૧
તા.૦૧/૧૦/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી અરૂણ એસ. પાઠક,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૭, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી હિંમતલાલ બી. લીંબાસીયા**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૫૫૦(વેસ્ટ ઝોન) તા.૨૦/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૮૯) થી માંગવામાં આવેલ માહિતી અરજીની મુદ્દતમાં પુરી પાડેલ નથી તેવું કારણ જણાવી તા.૨૩/૦૯/૨૦૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૫૫૦, તા.૨૦/૦૮/૨૦૧૬ થી માંગેલ માહિતી અરજીના ૩૦ દિવસથી વધુ સમય થયેલ છે તેમ છતાં માહિતી મળેલ નથી તેવું કારણ જણાવી તા.૨૩/૦૯/૧૬ ના રોજ હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે તા.૨૮/૦૯/૧૬ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૭/૨૦૧૬–૧૭ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી હિંમતલાલ બી. લીંબાસીયાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૫૫૦(વેસ્ટ ઝોન) તા.૨૦/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૮૯) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/સેલ/૯૨૦, તા.૨૨/૦૮/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં તેઓએ ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના પાના નંગ–૦૪ તેઓને આપવા જોગ હોય, જે પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૮/– અંકે રૂપિયા આઠ પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/ ૪૧૯, તા.૦૨/૦૯/૧૬ થી જાણ કરવામાં આવેલ. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ, અરજદારને પત્ર મળી ગયેલ હોવા છતાં અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના–ક ની અરજીના ૩૦ દિવસથી વધુ સમય થયો હોવા છતાં માહિતી પુરી પડાયેલ નથી તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારે નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી આપવાજોગ માહિતીની નકલોની નકલ ફીના નાણાં ભરપાઈ કરવા અંગેની જાણ કરતો પત્ર સમયમર્યાદામાં પોસ્ટ મારફત મોકલવામાં આવેલ છે અને તે પત્રનું કવર અત્રેના ઈન્કવાયરી ખાતાને વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનુ કવર પોસ્ટ ખાતા ધ્વારા અરજદારને સમયસર મળી ગયેલ હોવાનું જણાય છે, તેમ છતાં અરજદારે નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી. જેથી અરજદાર અત્રેથી મેળવવા જોગ માહિતી વિના મુલ્યે મેળવવા હકકદાર નથી. પરંતુ સદર પત્રમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી તેની રસીદની નકલ રજૂ કરી અત્રેથી આપવાજોગ માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. અરજદારને અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

## ***સુનાવણીની વિગતોઃ–***

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

આ કેસની હકીકતો તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, અરજદાર શ્રી હિંમતલાલ બી. લીંબાસીયાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૫૫૦(વેસ્ટ ઝોન) તા.૨૦/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૮૯) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/સેલ/૯૨૦, તા.૨૨/૦૮/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં તેઓએ ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેના

ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના પાના નંગ–૦૪ તેઓને આપવા જોગ હોય, જે પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૮/– અંકે રૂપિયા આઠ પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૯, તા.૦૨/૦૯/૧૬ થી જાણ કરવામાં આવેલ. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ, અરજદારને પત્ર મળી ગયેલ હોવા છતાં અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના–ક ની અરજીના ૩૦ દિવસથી વધુ સમય થયો હોવા છતાં માહિતી પુરી પડાયેલ નથી તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. સબબ, અરજદારને મોકલવામાં આવેલ સદર પત્રનું કવર પરત આવેલ ન હોય, તે અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય.

આમ, ઉપલબ્ધ રેકર્ડ જોતા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને આપવા જોગ માહિતીની નકલો આપવા તૈયારી બતાવી અરજદારને માહિતીની નકલના નાણાં ભરપાઈ કરવા અંગે જાણ કરતો પત્ર પણ સમયમર્યાદામાં પોસ્ટ કરેલ હોવાનું જણાય છે. સબબ, અરજદારની હાલની અપીલના કારણમાં જણાવ્યા મુજબ અરજદારને નમુના–ક ની અરજીની મુદતના ૩૦ દિવસથી વધુ સમય સુધી માહિતી પુરી ન પાડવા અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ કસુર થયેલ જણાતી નથી. જેથી અરજદાર આજે પણ તેઓને મળવાપાત્ર માહિતી, નકલ ફીના નાણા ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

**"ઉપર ચર્ચેલ વિગતે, અરજદારને આ અપીલ કરવાનું કારણ પુરવાર થતુ નથી. જેથી અરજદારની આ પ્રથમ અપીલ નામંજુર કરવામાં આવે છે અને અરજદારને હુકમમાં જણાવેલ વિગતેના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે."**

**અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ કની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ ની મુદતમાં રાજય માહિતી કમિશનરશ્રી, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.**

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૧૪
તા. ૦૬/૧૦/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી હિંમતલાલ બી. લીંબાસીયા,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૮, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી હિંમતલાલ બી. લીંબાસીયા**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** અરજી આઈ.ડી.નં.૫૧૩(વેસ્ટ ઝોન) તા.૦૮/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૬૪) થી માંગવામાં આવેલ માહિતી અરજીની મુદ્દતમાં પુરી પાડેલ નથી તેવું કારણ જણાવી તા.૨૩/૦૯/૨૦૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૫૧૩, તા.૦૮/૦૮/૨૦૧૬ની અરજીમાં માંગેલ માહિતી ૪૫ દિવસનો સમય પસાર થયેલ હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ નથી કારણ કે જાહેર માહિતી અધિકારીને જે માહિતી આપવાની છે તે રેકર્ડ અપીલ અધિકારીશ્રી મનહરભાઈ સોલંકી પાસે છે. જે જાહેર માહિતી અધિકારીને આપતા નથી. એવું જાહેર માહિતી અધિકારી જણાવે છે. તેવું કારણ જણાવી તા.૨૩/૦૯/૧૬ ના રોજ હાલની અપીલ કરેલ છે. જે અપીલ અત્રે તા.૨૮/૦૯/૧૬ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/૮/૨૦૧૬–૧૭ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી હિંમતલાલ બી. લીંબાસીયાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૫૧૩(વેસ્ટ ઝોન) તા.૦૮/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૬૪) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/સેલ/૮૩૯, તા.૦૮/૦૮/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં તેઓએ ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના પાના નંગ–૦૧ તમોને આપવા જોગ છે. જે પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– અંકે રૂપિયા બે પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૮, તા.૦૨/૦૯/૧૬ થી જાણ કરવામાં આવેલ. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ, અરજદારને પત્ર મળી ગયેલ હોવા છતાં અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના–ક ની અરજીના ૪૫ દિવસથી વધુ સમય થયો હોવા છતાં માહિતી પુરી પડાયેલ નથી તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારને તેમની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી આપવાજોગ માહિતીની નકલોની નકલ ફીના નાણાં ભરપાઈ કરવા અંગેની જાણ કરતો પત્ર સમયમર્યાદામાં પોસ્ટ મારફત મોકલવામાં આવેલ છે અને તે પત્રનું કવર અત્રેના ઈન્કવાયરી ખાતાને વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનુ કવર પોસ્ટ ખાતા ધ્વારા અરજદારને સમયસર મળી ગયેલ હોવાનું જણાય છે, તેમ છતાં અરજદારે નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી. જેથી અરજદાર અત્રેથી મેળવવા જોગ માહિતી વિના મુલ્યે મેળવવા હકકદાર નથી. પરંતુ સદર પત્રમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી તેની રસીદની નકલ રજૂ કરી અત્રેથી આપવાજોગ માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. અરજદારને અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

## ***સુનાવણીની વિગતોઃ–***

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## ***અપીલ અધિકારીનું તારણઃ–***

આ કેસની હકીકતો તેમજ જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, અરજદાર શ્રી હિંમતલાલ બી. લીંબાસીયાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૫૧૩(વેસ્ટ ઝોન) તા.૦૮/૦૮/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૩૬૪) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફીસર, વેસ્ટ ઝોનના પત્ર નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/સેલ/૮૩૯, તા.૦૮/૦૮/૧૬ થી

૨...

તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના પાના નંગ–૦૧ તમોને આપવા જોગ છે. જે પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– અંકે રૂપિયા બે પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૮, તા.૦૨/૦૯/૧૬ થી જાણ કરવામાં આવેલ. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ, અરજદારને પત્ર મળી ગયેલ હોવા છતાં અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના–ક ની અરજીના ૪૫ દિવસથી વધુ સમય થયો હોવા છતાં માહિતી પુરી પડાયેલ નથી તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. સબબ, અરજદારને મોકલવામાં આવેલ સદર પત્રનું કવર પરત આવેલ ન હોય, તે અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય.

આમ, ઉપલબ્ધ રેકર્ડ જોતા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને આપવાજોગ માહિતીની નકલો આપવા તૈયારી બતાવી અરજદારને માહિતીની નકલના નાણાં ભરપાઈ કરવા અંગે જાણ કરતો પત્ર પણ સમયમર્યાદામાં પોસ્ટ કરેલ હોવાનું જણાય છે. સબબ, અરજદારની હાલની અપીલના કારણમાં જણાવ્યા મુજબ અરજદારને નમુના–ક ની અરજીની મુદતના ૪૫ દિવસથી વધુ સમય સુધી માહિતી પુરી ન પાડવા અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ કસુર થયેલ જણાતી નથી. જેથી અરજદાર આજે પણ તેઓને મળવાપાત્ર માહિતી, નકલ ફીના નાણા ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: *હુકમ* :–**

**"ઉપર ચર્ચેલ વિગતે, અરજદારને આ અપીલ કરવાનું કારણ પુરવાર થતુ નથી. જેથી અરજદારની આ પ્રથમ અપીલ નામંજુર કરવામાં આવે છે અને અરજદારને હુકમમાં જણાવેલ વિગતેના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે."**

**અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ કની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ ની મુદતમાં રાજય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.**

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૧૫
તા. ૦૬ /૧૦/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી હિંમતલાલ બી. લીંબાસીયા,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૦૯, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– આઈ.ડી.નં.૧૨૯૭(સેન્ટ્રલઝોન) તા.૦૧/૦૯/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૮૯૮૧) થી માંગવામાં આવેલ માહિતી જાણી જોઈ ઈરાદાપૂર્વક છુપાવી હોવાનું જણાવી તા.૦૪/૧૦/૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદ્દા :–

અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી છુપાવનાર જા.મા.અધિકારી સેકશન ઓફીસર લતાબેન ગાંધી વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવી, અમોએ માંગેલ સંપૂર્ણ માહિતી સાચી અને સ્પષ્ટ વિનામુલ્યે તાત્કાલીક પુરી પડાવવી, તેમજ અમોને થયેલ ખર્ચ અને હેરાનગતી બદલ યોગ્ય વળતર ચૂકવવા સહિતની સંપૂર્ણ ઘટતી કાર્યવાહી કરી માંગેલ માહિતી પુરી પાડવા હુકમ કરવા અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

અરજદાર શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૨૯૭(સેન્ટ્રલઝોન) તા.૦૧/૦૯/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૮૯૮૧) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિદ્યા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૨૯૭, તા.૦૨/૦૯/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અરજદારે તેમની અરજીથી રાંદેરઝોનના સસ્પેન્ડ થયેલ કર્મચારી (૧) સાંગાણી ઉમેશ મગનભાઈ, આ.ઈ. (૨) ઈમ્તીયાઝ ખાન, પ્રા.શ્રેણી કલાર્કને રાંદેર ઝોનના ટી.પી.સ્કીમ નં.૩૧ એફ.પી. નં.૧૩૧ માં આવેલ આવાસ ભાડે આપવાના કૌભાંડ બાબતે ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અન્વયે મ્યુ.કમિશનરશ્રીએ કા.પા.ઈજનેર જતિન દેસાઈને તપાસ સોંપેલ. જે તપાસ રીપોર્ટ તથા શિસ્ત તપાસ અધિકારીના શેરા સાથેની તમામ વિગતવાર માહિતીની માંગણી કરેલ છે. જે અન્વયે તેઓને કરવા જોગ પૂર્તતા નીચે મુજબ છે.

| માંગેલી માહિતી | કરવાજોગ પૂર્તતા |
|---|---|
| રાંદેરઝોનના સસ્પેન્ડ થયેલ કર્મચારી (૧) સાંગાણી ઉમેશ મગનભાઈ, આ.ઈ. (૨) ઈમ્તીયાઝ ખાન, પ્રા.શ્રેણી કલાર્કને રાંદેર ઝોનના ટી.પી.સ્કીમ નં.૩૧ એફ.પી. નં.૧૩૧ માં આવેલ આવાસ ભાડે આપવાના કૌભાંડ બાબતે ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અન્વયે મ્યુ.કમિશનરશ્રીએ કા.પા.ઈજનેર જતિન દેસાઈને તપાસ સોંપેલ. જે તપાસ રીપોર્ટ તથા શિસ્ત તપાસ અધિકારીના શેરા સાથેની તમામ વિગતવાર માહિતી | નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જજમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ તમોએ માંગેલ માહિતી જાહેર કરવાજોગ નથી. જે જાણશો. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતો જોતા તેઓએ રાંદેરઝોનના સસ્પેન્ડ થયેલ કર્મચારી (૧) સાંગાણી ઉમેશ મગનભાઈ, આ.ઈ. (૨) ઈમ્તીયાઝ ખાન, પ્રા.શ્રેણી કલાર્કને રાંદેર ઝોનના ટી.પી.સ્કીમ નં.૩૧ એફ.પી. નં.૧૩૧ માં આવેલ આવાસ ભાડે આપવાના કૌભાંડ બાબતે ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અન્વયે મ્યુ.કમિશનરશ્રીએ કા.પા.ઈજનેર જતિન દેસાઈને તપાસ સોંપેલ. જે તપાસ રીપોર્ટ તથા શિસ્ત તપાસ અધિકારીના શેરા સાથેની તમામ વિગતવાર માહિતીની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, તેવી માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે પણ તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. વળી, તે હુકમમાં જે જાહેર માહિતી અધિકારીએ નકલ ફી ચાર્જ કરી તેવી માહિતી પુરી પાડવા તૈયારી બતાવેલ છે તે જાહેર માહિતી અધિકારીઓને પણ વિવાદીએ ભરેલ તમામ નકલ ફી ની રકમ પરત આપવા આદેશ કરેલ છે.

૨...

આમ, નામદાર આયોગે પણ કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહીની માહિતીને અંગત પ્રકારની હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનું ઠરાવેલ છે. જે સંજોગોમાં અત્રેથી અરજદારને આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

## *સુનાવણીની વિગતો:–*

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતા પ્રથમદર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણ:–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની અરજીથી રાંદેરઝોનના સસ્પેન્ડ થયેલ કર્મચારી (૧) સાંગાણી ઉમેશ મગનભાઈ, આ.ઈ. (૨) ઈમ્તીયાઝ ખાન, પ્રા.શ્રેણી કલાર્કને રાંદેર ઝોનના ટી.પી.સ્કીમ નં.૩૧ એફ.પી. નં.૧૩૧ માં આવેલ આવાસ ભાડે આપવાના કૌભાંડ બાબતે ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અન્વયે મ્યુ.કમિશ્નરશ્રીએ કા.પા.ઈજનેર જતિન દેસાઈને તપાસ સોંપેલ. જે તપાસ રીપોર્ટ તથા શિસ્ત તપાસ અધિકારીના શેરા સાથેની તમામ વિગતવાર માહિતીની માંગણી કરેલ છે. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી વિભાગના તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૫૭, તા.૧૨/૦૯/૧૬ થી જવાબ પાઠવી અરજદારે માંગણી કરેલ માહિતી "અંગત માહિતી" ગણાતી હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ઠરાવી તેમજ તેવી માહિતી જાહેર કરવી યોગ્ય જણાતુ ન હોવાનું ઠરાવી તેવી માહિતી અરજદારને આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજના જડ્જમેન્ટનો આધાર લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમાં કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" ગણાવી, તેવી માહિતી આપી શકાય નહી તેવો તેમજ, માહિતી અધિકાર અન્વયે " As matter of right " માંગી શકાય નહી તેવું ઠરાવેલ છે.

વળી, જાહેર માહિતી અધિકારીએ તેમના પૂર્તતા અહેવાલમાં ઉલ્લેખ્યા મુજબ ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર **ન** હોવાનો હુકમ કરેલ છે. આમ, દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોએ તેમજ રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રીએ પણ કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ, તેઓને આપેલ મેમો, ચાર્જશીટ, શોકોઝ, શિક્ષાત્મક કાર્યવાહીની વિગત "અંગત માહિતી" તરીકે ઠરાવેલ હોય, જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી, તેથી અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) નો જવાબ યોગ્ય જણાતો હોય, અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫૮
તા. ૨૪ /૧૦/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ,

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૧૦, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

વિષયઃ– આઈ.ડી.નં.૧૩૬૭(નાગરીક સુવિધા કેન્દ્ર)તા.૧૨/૦૯/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૯૦૫૪) થી માંગવામાં આવેલ માહિતી સમયગાળામાં મળેલ ન હોવાનું જણાવી તા.૧૪/૧૦/૧૬ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદ્દા :–

અરજદારે અપીલ અરજીમાં સમયગાળામાં અમોને માહિતી મળેલ નથી. તો એવા અધિકારીઓ પર કયા કયા એકશન લેવામાં આવે છે. જો યોગ્ય સમયગાળામાં એકશન લેવામાં ન આવે તો આવા અધિકારીઓ પર કયા કયા એકશન લેવામાં આવે છે. તેની માહિતી પુરી પાડવા હુકમ કરવા અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

અરજદાર શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયાની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૩૬૭(નાગરીક સુવિધા કેન્દ્ર) તા.૧૨/૦૯/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૯૦૫૪) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરાનો પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૩૬૭, તા.૧૪/૦૯/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અરજદારે તેમની અરજીથી નીચે જણાવેલ મુદ્દાની માંગણી કરેલ છે. જે અન્વયે અરજદારને નીચે મુજબ પૂર્તતા કરવા આવેલ છે.

| મુદ્દા નં. | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧. | તા.૦૧/૦૪/૧૫ થી આજદિન સુધી મ્યુનિસિપલ કમિશ્નર ધ્વારા કેટલા વર્ગ–૧ અને વર્ગ–૨ ના અધિકારીઓ સામે કઈ કઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે જેના નામ સાથેની વિગત આપવી. | નામ.સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨(ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, અરજદારની માંગણી મુજબની માહિતી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે વ્યકત થતી હોય માંગવામાં આવેલી માહિતી અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ આપી શકાય નહી. |
| ૨. | ઉપર–૧ મુજબ કોઈ શિક્ષા કરવામાં આવેલ હોય તો તેની વિગત આપવી. | |
| ૩. | ઉપર–૧ પૈકી કોઈ કાર્યવાહી પડતર હોય તો કેટલા સમયથી પડતર છે તથા છેલ્લે થયેલ કાર્યવાહીની વિગત આપવી. | |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતો જોતા તેઓએ મુદ્દા નં.૧ થી તા.૦૧/૦૪/૧૫ થી આજદિન સુધી મ્યુનિસિપલ કમિશ્નર ધ્વારા કેટલા વર્ગ–૧ અને વર્ગ–૨ ના અધિકારીઓ સામે કઈ કઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે જેના નામ સાથેની વિગત, મુદ્દા નં.૨ થી ઉપર–૧ મુજબ કોઈ શિક્ષા કરવામાં આવેલ હોય તો તેની વિગત અને મુદ્દા નં.૩ થી ઉપર–૧ પૈકી કોઈ કાર્યવાહી પડતર હોય તો કેટલા સમયથી પડતર છે તથા છેલ્લે થયેલ કાર્યવાહીની વિગતની માંગણી કરેલ. પરંતુ ઉપર અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" તરીકે ગણાતી હોય, તેવી માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ જોતા જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોવાથી, તેવી માહિતી જાહેર કરવી યોગ્ય ન જણાતા, તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ નથી. વળી, હાલમાં ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે પણ તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર ન હોવાનો હુકમ કરેલ છે. વળી, તે હુકમમાં જે જાહેર માહિતી અધિકારીએ નકલ ફી ચાર્જ કરી તેવી માહિતી પુરી પાડવા તૈયારી બતાવેલ છે તે જાહેર માહિતી અધિકારીઓને પણ વિવાદીએ ભરેલ તમામ નકલ ફી ની રકમ પરત આપવા આદેશ કરેલ છે.

આમ, નામદાર આયોગે પણ કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહીની માહિતીને અંગત પ્રકારની હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર થતી નથી તેવું ઠરાવેલ છે. જે સંજોગોમાં અત્રેથી અરજદારને આપવામાં આવેલ જવાબ યોગ્ય છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

## *સુનાવણીની વિગતો:–*

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, જોતા પ્રથમદર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણ:–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદારે તેમની અરજીથી મુદ્દા નં.૧ થી તા.૦૧/૦૪/૧૫ થી આજદિન સુધી મ્યુનિસિપલ કમિશ્નર ધ્વારા કેટલા વર્ગ–૧ અને વર્ગ–૨ ના અધિકારીઓ સામે કઈ કઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે જેના નામ સાથેની વિગત, મુદ્દા નં.૨ થી ઉપર–૧ મુજબ કોઈ શિક્ષા કરવામાં આવેલ હોય તો તેની વિગત અને મુદ્દા નં.૩ થી ઉપર–૧ પૈકી કોઈ કાર્યવાહી પડતર હોય તો કેટલા સમયથી પડતર છે તથા છેલ્લે થયેલ કાર્યવાહીની વિગતની માંગણી કરેલ. જે અરજદારની માંગણી અન્વયે ઈન્કવાયરી વિભાગના તત્કાલીન જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૫૨૬, તા.૨૨/૦૯/૧૬ થી જવાબ પાઠવી અરજદારે માંગણી કરેલ માહિતી "અંગત માહિતી" ગણાતી હોય, માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮(૧)(ઠ) ની જોગવાઈ મુજબ જાહેર ગતિવિધિ કે જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું ઠરાવી તેમજ તેવી માહિતી જાહેર કરવી યોગ્ય જણાતુ ન હોવાનું ઠરાવી તેવી માહિતી અરજદારને આપવા ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન(સીવીલ) નં.૨૭૭૩૪/૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજના જડ્જમેન્ટનો આધાર લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, તેમાં કર્મચારીઓને આપવામાં આવેલ ચાર્જશીટ, શો–કોઝ અન્વયેની શિક્ષાત્મક, ખાતાકીય તપાસની કાર્યવાહી કર્મચારી અને સંસ્થા વચ્ચેની સર્વિસ રૂલ્સ હેઠળની "અંગત માહિતી" ગણાવી, તેવી માહિતી આપી શકાય નહી તેવો તેમજ, માહિતી અધિકાર અન્વયે " As matter of right " માંગી શકાય નહી તેવું ઠરાવેલ છે.

વળી, જાહેર માહિતી અધિકારીએ તેમના પૂર્તતા અહેવાલમાં ઉલ્લેખ્યા મુજબ ગુજરાત માહિતી આયોગના નામદાર રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે તા.૨૩/૦૬/૨૦૧૬ ના રોજ આપેલ ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટના સદર ચુકાદાનો આધાર લઈ તે કામના અરજદારે મેમો, શોકોઝ નોટીસ, ખાતાકીય તપાસ અંગે માંગેલ માહિતી કર્મચારીની અંગત પ્રકારની માહિતી હોવાનું જણાવી તેવી માહિતી આપવાપાત્ર **ન** હોવાનો હુકમ કરેલ છે. આમ, દેશની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશોએ તેમજ રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રીએ પણ કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ, તેઓને આપેલ મેમો, ચાર્જશીટ, શોકોઝ, શિક્ષાત્મક કાર્યવાહીની વિગત "અંગત માહિતી" તરીકે ઠરાવેલ હોય, જાહેર માહિતી અધિકારીનો જવાબ યોગ્ય જણાય છે.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાતું હોય, અરજદારને હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી, તેથી અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) નો જવાબ યોગ્ય જણાતો હોય, અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૫૯
તા. ૨૪ /૧૦/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી સુરેશભાઈ છગનભાઈ ચોટલીયા,

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૧૧, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

**વિષયઃ–** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૦૧/૦૧/૨૦૧૬ તથા તા.૨૫/૦૧/૧૬ ના રોજ ગુજરાત રાજય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર ખાતે રજુ કરેલ આર.ટી.આઈ. હેઠળની પ્રથમ અપીલ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેન્ટ્રલ ઓફીસની તા.૧૦/૧૦/૧૬ થી તબદીલ થઈને અત્રેના ખાતાને તા.૧૫/૧૦/૨૦૧૬ ના રોજ મળેલ પ્રથમ અપીલ બાબત.

## *અપીલના મુદ્દા :–*

અરજદારે અપીલમાં જણાવેલ વિગતની તેઓએ ગુજરાત રાજય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર ખાતે ઈનવર્ડ નં.૩૬૪/પી, તા.૧૮/૦૧/૧૬ થી ભ્રષ્ટ અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી ન કરનાર સુરત મહાનગરપાલિકાના વિજીલન્સ ઓફીસરની ખાતાકીય તપાસ કરી તેઓ વિરૂધ્ધ તમામ પ્રકારે કાર્યવાહી કરવા તથા ઈનવર્ડ નં.૫૩૯/પી, તા.૨૫/૦૧/૧૬ થી યોગ્ય તપાસ તથા અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા યોગ્ય નોંધ ન કરી વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરનાર સુ.મ.ન.પા. ના વીજીલન્સ ઓફીસર બી.જે.શેઠ વિરૂધ્ધ કાર્યવાહી કરવા તેમજ અમારી રજુઆત અંગે તેઓએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કરેલ કામગીરીની ખાતાકીય તપાસ કરી આગળ ઉપર કાર્યવાહી કરવા પ્રથમ અપીલ કરેલ છે. જે અપીલ સુરત મહાનગરપાલિકામાં તબદીલ થયા બાદ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેન્ટ્રલ ઓફીસ ધ્વારા તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૨૪/૧૦/૨૦૧૬ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની મળેલ પ્રથમ અપીલ તેમજ તે સાથે અત્રેના ખાતાને મળેલ પેપર્સો જોતાં અરજદારે તા.૦૧/૦૧/૧૬ તથા તા.૨૫/૦૧/૧૬ ની કરેલ અરજીઓ ઉપર થયેલ કાર્યવાહીની વિગતો બાબતે પત્ર ક્રમાંકઃસમન/૧૦૨૦૧૬/આરટીઆઈ–૪૭/પી, તા.૦૪/૦૮/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને હોદ્દાની રૂએ ઉપસચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.વિભાગની તા.૦૧/૧૦/૧૬ ની અપીલ ઉપર જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેન્ટ્રલ ઓફીસ તરફથી અત્રે તબદીલ થયેલ છે. અપીલ અધિકારી અને ઓફીસ સુપ્રિટેન્ડન્ટ, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/૧૬૧૨, તા.૨૦/૦૮/૧૬ ના અનુસંધાને શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૫/૦૩/૧૬ ની અરજી સંદર્ભે સદર પત્રના પેરા–૫માં જણાવેલ વિવાદી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત રજુઆતો બાબતે આપના વિભાગના તા.૩૦/૦૧/૧૬ ના પત્ર ક્રમાંકઃસમન/૨૦૧૬–૩૬૬(૦૬)પી થી નિયમાનુસારની યોગ્ય કાર્યવાહી કરી અરજદારને જાણ કરવા અર્થે મોકલી આપવામાં આવેલ છે. સદર પત્ર અત્રેની કચેરીના દફતરની ચકાસણી કરતા આજદિન સુધી ઉપલબ્ધ થયેલ નથી. જેથી અત્રેની કચેરી ધ્વારા માહિતી આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારને અપીલમાં માંગ્યા મુજબની કોઈ દાદ ઉપરની વિગતે મળવાપાત્ર નથી, અત્રેના ઈન્કવાયરી વિભાગની કાર્યપ્રણાલી અનુસાર વિજીલન્સ વિભાગ તથા સંબંધિત ખાતા/ ઝોન કે ઉપરી અધિકારીની ખાતાકીય તપાસ કરવા/ શિક્ષાત્મક કાર્યવાહી કરવા જરૂરી આદેશો કરે તો જ શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે ખાતાકીય તપાસ હાથ ધરી શકાય. જેથી આ પ્રકારના કોઈ આદેશો ન હોય કાર્યવાહી કરવાનો પ્રશ્ન ગેરવ્યાજબી જણાય તેમ જાહેર કરી અરજદારની પ્રથમ અપીલ દફતરે કરવાનો હુકમ કરવાની જરૂર છે.

## *સુનાવણીની વિગતોઃ–*

અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણ, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે જ અરજદારને હાલની અપીલ કરવાનું કોઈ સચોટ કારણ જણાયેલ ન હોય, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની પુર્તતા જોતા, અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની મળેલ પ્રથમ અપીલ તેમજ તે સાથે અત્રેના ખાતાને મળેલ પેપર્સો જોતાં અરજદારે તા.૦૧/૦૧/૧૬ તથા તા.૨૫/૦૧/૧૬ ની કરેલ અરજીઓ ઉપર થયેલ કાર્યવાહીની વિગતો બાબતે પત્ર ક્રમાંકઃસમન/૧૦૨૦૧૬/આરટીઆઈ–૪૭/પી, તા.૦૪/૦૮/૧૬ થી જાહેર માહિતી અધિકારી અને હોદ્દાની રૂએ ઉપસચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ.વિભાગની તા.૦૧/૧૦/૧૬ ની અપીલ ઉપર જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, સેન્ટ્રલ ઓફીસ તરફથી અત્રે તબદીલ થયેલ છે. અપીલ અધિકારી અને ઓફીસ સુપ્રિટેન્ડન્ટ, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/૧૬૧૨, તા.૨૦/૦૮/૧૬ ના અનુસંધાને શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૫/૦૩/૧૬ ની અરજી સંદર્ભે સદર પત્રના પેરા–૫માં જણાવેલ વિવાદી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની સુરત

મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત રજુઆતો બાબતે આપના વિભાગના તા.૩૦/૦૧/૧૬ ના પત્ર ક્રમાંકઃસમન/૨૦૧૬–૩૬૬(૦૬)પી થી નિયમાનુસારની યોગ્ય કાર્યવાહી કરી અરજદારને જાણ કરવા અર્થે મોકલી આપવામાં આવેલ છે. સદર પત્ર અત્રેની કચેરીના દફતરની ચકાસણી કરતા આજદિન સુધી ઉપલબ્ધ થયેલ નથી. જેથી અત્રેની કચેરી ધ્વારા માહિતી આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારને અપીલમાં માંગ્યા મુજબની કોઈ દાદ ઉપરની વિગતે મળવાપાત્ર નથી, અત્રેના ઈન્કવાયરી વિભાગની કાર્યપ્રણાલી અનુસાર વિજીલન્સ વિભાગ તથા સંબંધિત ખાતા/ ઝોન કે ઉપરી અધિકારીની ખાતાકીય તપાસ કરવા/ શિક્ષાત્મક કાર્યવાહી કરવા જરૂરી આદેશો કરે તો જ શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે ખાતાકીય તપાસ હાથ ધરી શકાય. જેથી આ પ્રકારના કોઈ આદેશો ન હોય કાર્યવાહી કરવાનો પ્રશ્ન ગેરવ્યાજબી જણાય તેમ જાહેર કરી અરજદારની પ્રથમ અપીલ દફતરે કરવાનો હુકમ કરવાની જરૂર જણાય છે.

અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ની ઉકત વિગતે આ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાતું નથી. જેથી નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારે કરેલ અપીલમાં જણાવેલ કારણસર ઉપર તારણમાં કરેલ સ્પષ્ટતા મુજબ, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના વિરૂધ્ધ અપીલમાં જણાવ્યા મુજબનું અપીલ કરવાનું કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૭૧
તા. ૨૮ /૧૦/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૧૨, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** અરજદાર શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૪/૧૦/૧૬ ના રોજ આર.ટી.આઈ. હેઠળની પ્રથમ અપીલ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીની તા.૨૪/૧૦/૧૬ થી તબદીલ થઈને અત્રેના ખાતાને તા.૨૫/૧૦/૧૬ ના રોજ મળેલ પ્રથમ અપીલ બાબત.

***અપીલના મુદ્દા :–***

અરજદારે ઉપર વિષયમાં જણાવેલ વિગતેની અપીલમાં તેઓએ માહિતી છુપાવનાર જા.મા.અધિકારી પ્રથમ શ્રેણી કલાર્ક તેમજ પી.આર.પ્રસાદ વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવી.અમોએ માંગેલ સંપૂર્ણ માહિતી સાચી અને સ્પષ્ટ વિનામુલ્યે તત્કાલીક પુરી પડાવવી તેમજ અમોને થયેલ ખર્ચ અને હેરાનગતી બદલ યોગ્ય વળતર ચૂકવવા સહિતની સંપૂર્ણ દાદ અપાવશોજી. જે અપીલ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી ધ્વારા તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૨૮/૧૦/૨૦૧૬ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–***

અરજદાર શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની મળેલ પ્રથમ અપીલ જોતાં અરજદારે તા.૦૧/૦૯/૧૬ ની કરેલ અરજી ઉપર થયેલ કાર્યવાહીની વિગત બાબતે અરજદારની તા.૦૪/૧૦/૧૬ ના રોજ આર.ટી.આઈ. હેઠળની પ્રથમ અપીલ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીની તા.૨૪/૧૦/૧૬ થી તબદીલ થઈને અત્રેના ખાતાને તા.૨૫/૧૦/૧૬ ના રોજ મળેલ. જેના અનુસંધાને તેઓએ કરેલ હાલની પ્રથમ અપીલ ઉપર જણાવ્યા મુજબ અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબના મુદ્દાઓની માહિતી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોવાનું જણાવી, જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી તરફથી સદર અપીલ અત્રેના ખાતાને તબદીલ કરેલ છે. પરંતુ અરજદારની મુળ અરજીની વિગતો જોતા તેમાં જાહેર માહિતી અધિકારી, કમિશ્નરશ્રીની કચેરી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને જે તે અરજીમાં જણાવેલ વિગત સને ૨૦૦૯ થી આજદિન સુધી કમિશ્નરશ્રી ધ્વારા અધિકારી/ કર્મચારીઓને આપેલ કારણદર્શક નોટીસો અંગે તથા કારણદર્શક નોટીસનો થયેલ નિકાલ/ દફતરે ન થયેલ હોય તે અંગેની માહિતી બાબતે અરજદારની આર.ટી.આઈ. હેઠળની માહિતી માંગતી નમુના–ક ની અરજી જ અત્રેના ખાતાને મળેલ ન હોય,જેથી અત્રેની કચેરી ધ્વારા માહિતી આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, તેમ જાહેર કરી અરજદારની પ્રથમ અપીલ દફતરે કરવાનો હુકમ કરવાની જરૂર છે.

***<u>સુનાવણીની વિગતોઃ</u>–***

અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલ કારણ, જાહેર માહિતી અધિકારીનો અપીલ અન્વયેનો પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

***<u>અપીલ અધિકારીનું તારણઃ</u>–***

અરજદાર શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની મળેલ પ્રથમ અપીલ જોતાં અરજદારે તા.૦૧/૦૯/૧૬ ની કરેલ અરજી ઉપર થયેલ કાર્યવાહીની વિગત બાબતે અરજદારની તા.૦૪/૧૦/૧૬ ના રોજ આર.ટી.આઈ. હેઠળની પ્રથમ અપીલ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીની તા.૨૪/૧૦/૧૬ થી તબદીલ થઈને અત્રેના ખાતાને તા.૨૫/૧૦/૧૬ ના રોજ મળેલ. જેના અનુસંધાને તેઓએ કરેલ હાલની પ્રથમ અપીલ ઉપર જણાવ્યા મુજબ અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબના મુદ્દાઓની માહિતી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોવાનું જણાવી, જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી તરફથી સદર અપીલ અત્રેના ખાતાને તબદીલ કરેલ છે. પરંતુ અરજદારની મુળ અરજીની વિગતો જોતા તેમાં જાહેર માહિતી અધિકારી, કમિશ્નરશ્રીની કચેરી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને જે તે અરજીમાં જણાવેલ વિગત સને ૨૦૦૯ થી આજદિન સુધી કમિશ્નરશ્રી ધ્વારા અધિકારી/ કર્મચારીઓને આપેલ કારણદર્શક નોટીસો અંગે તથા કારણદર્શક નોટીસનો થયેલ નિકાલ/ દફતરે ન થયેલ હોય તે અંગેની માહિતી બાબતે અરજદારની આર.ટી.આઈ. હેઠળની માહિતી માંગતી નમુના–ક ની અરજી જ અત્રેના ખાતાને મળેલ ન હોય,જેથી અત્રેની કચેરી ધ્વારા માહિતી માંગતી નમુના–ક ની અરજી જ અત્રેના ખાતાને મળેલ ન હોય, તે ઉપર કરેલ હાલની આ અપીલ પણ અત્રે ચલાવવાપાત્ર જણાતી ન હોય, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

૨...

**–: *હુકમ* :–**

**"ઉપર ચર્ચેલ વિગતે અરજદારે કરેલ નમુના–ક ની અરજી અત્રેના ખાતાને મળેલ ન હોય, અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) વિરૂધ્ધ આ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ ન હોય, અરજદારની પ્રથમ અપીલ દફતરે કરવામાં આવે છે."**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૬૮૩
તા.૨૯ /૧૦/૨૦૧૬

**પ્રતિ,**
(૧) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ,

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૧૩, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** આઈ.ડી.નં.૬૫૩ , તા.૨૧/૦૯/૧૬ થી માંગવામાં આવેલ માહિતી ૩૦ દિવસથી વધુ સમય થયેલ હોય માહિતી આપેલ ન હોવાનું કારણ જણાવી તા.૦૫/૧૧/૨૦૧૬ ના રોજ (હાથોહાથ) દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારે અપીલમાં તા.૨૧/૦૯/૧૬ ની નમુના–કની અરજીમાં જણાવેલ વિગત ૩૦ દિવસથી વધુ સમય થયેલ હોય માહિતી મળેલ નથી. જેથી વિનામુલ્યે માહિતી આપવાનું જણાવી હાલની અપીલ કરેલ છે. અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (ઈન્કવાયરી)એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

અરજદાર શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણીની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૫૩ (વેસ્ટઝોન) તા.૨૧/૦૯/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૪૬૨) થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતી અત્રે લાગત હોવાનું જણાવી આસી.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી(સ્થા.સ), સેક્રેટરી ઓફિસના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/સ્થા.સ./આઉટ/૩૬, તા.૨૬/૦૯/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે.

અરજદારે તેમની અરજીના મુદ્દા નં.૧ થી નીચેની વિગતે માહિતીની માંગણી કરેલ છે. જે અન્વયે તેઓને કરવા જોગ પૂર્તતા નીચે મુજબ છે.

| માંગેલી માહિતી(મુદ્દા નં.૧) | કરવાજોગ પૂર્તતા |
|---|---|
| ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીના પત્ર નં.સી/૧૬૬૨ તા.૦૭/૦૯/૨૦૧૫ ના પત્રથી તા.૨૦/૦૮/૨૦૧૫ ના રોજ મળેલ સ્થાયી સમિતિની મિટીંગમાં મ્યુ.સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલના સૂચન/ ફરીયાદ અન્વયે ટી.પી.સ્કીમ નં.૩૧ સ્ટાર બજારની પાછળ EWS આવાસ બિલ્ડીંગ નં.૮,૯,૧૦ ની ફાળવણી થયેલ છે તે ફાળવણીની ચકાસણી અને કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ હતુ તે અંગે રાંદેરઝોનના તત્કાલીન ઝોનલચીફ / કાર્યપાલક ઈજનેર ધ્વારા તપાસ રીપોર્ટ સ્થા.સમિતિ સમક્ષ રજૂ થયેલ તે તપાસ રીપોર્ટ તથા નોટીંગ સેકશન સહિતની સંપુર્ણ માહિતી આપવા બાબત. | આપના સદર મુદ્દામાં જણાવ્યા મુજબ રાંદેરઝોનના તત્કાલીન ઝોનલચીફ / કાર્યપાલક ઈજનેર ધ્વારા તપાસ રીપોર્ટ સ્થા.સમિતિ સમક્ષ રજૂ થયેલ હોય તેવો તપાસ રીપોર્ટ કે તેના અનુસંધાનના નોટીંગ સેકશન સહિતની માહિતી અત્રેના ઈન્કવાયરી વિભાગના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. |

અરજદારે તેઓની હાલની અપીલમાં જાહેર માહિતી અધિકારીએ જાણી જોઈને માહિતી આપેલ નથી. તેમ કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. પરંતુ ખરી હકીકતમાં અરજદારને જે જવાબ પાઠવવામાં આવેલો તે જવાબીપત્ર ધરાવતું કવર અરજદારને અત્રેની મધ્યસ્થ કચેરી મારફત ફ્રેન્કીંગ મારફત પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે જવાબી કવર અત્રેના ખાતાને પરત મળેલ નથી. જેથી સદર જવાબ અરજદારને મળી ગયેલ હોવાનું માની શકાય. જેથી અરજદારને હાલની અપીલમાં જણાવ્યા મુજબના કારણસર અપીલ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. અરજદારે અપીલમાં માંગેલ માહિતીમાં નમુના 'ક' મુજબની માહિતીની માંગણી કરેલ છે.સબબ, અત્રેના રેકર્ડ આધારિત અરજદારને આપવામાં આવેલ જવાબ સાચો અને યોગ્ય હોય, અરજદારને હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

સબબ ઉકત હકીકતે યોગ્ય જણાય તો અરજદારે અપીલમાં માંગેલ માહિતીમાં નમુના 'ક' મુજબની માહિતીની માંગણી કરેલ છે. અત્રેના રેકર્ડ આધારિત અરજદારને આપવામાં આવેલ જવાબ સાચો અને યોગ્ય હોય, અરજદારને હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

## ***સુનાવણીની વિગતોઃ–***

જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલ, રેકર્ડ જોતા પ્રથમ દર્શનીય રીતે જ સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

**અપીલ અધિકારીનું તારણઃ–**

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીનો પૂર્તતાના અહેવાલની વિગતો જોતા અરજદાર શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણીની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૬૫૩(વેસ્ટઝોન) તા.૨૧/૦૯/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૨૦૦/૫૪૬૨) થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીના પત્ર નં.સી/૧૬૬૨ તા.૦૭/૦૯/૨૦૧૫ ના પત્રથી તા.૨૦/૦૮/૨૦૧૫ ના રોજ મળેલ સ્થાયી સમિતિની મિટીંગમાં મ્યુ.સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલના સૂચન/ ફરીયાદ અન્વયે ટી.પી.સ્કીમ નં.૩૧ સ્ટાર બજારની પાછળ EWS આવાસ બિલ્ડીંગ નં.૮,૯,૧૦ ની ફાળવણી થયેલ છે તે ફાળવણીની ચકાસણી અને કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ હતુ તે અંગે રાંદેરઝોનના તત્કાલીન ઝોનલચીફ / કાર્યપાલક ઈજનેર ધ્વારા તપાસ રીપોર્ટ સ્થા.સમિતિ સમક્ષ રજૂ થયેલ તે તપાસ રીપોર્ટ તથા નોટીંગ સેકશન સહિતની સંપુર્ણ માહિતી આપવા બાબત.

આપના સદર મુદ્દામાં જણાવ્યા મુજબ રાંદેરઝોનના તત્કાલીન ઝોનલચીફ / કાર્યપાલક ઈજનેર ધ્વારા તપાસ રીપોર્ટ સ્થા.સમિતિ સમક્ષ રજૂ થયેલ હોય તેવો તપાસ રીપોર્ટ કે તેના અનુસંધાનના નોટીંગ સેકશન સહિતની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.

સબબ ઉકત હકીકતે યોગ્ય જણાય તો ઉપર મુજબ અરજદારે અપીલમાં માંગેલ માહિતીમાં નમુના 'ક' મુજબની માહિતીની માંગણી કરેલ છે. અત્રેના રેકર્ડ આધારિત અરજદારને આપવામાં આવેલ જવાબ સાચો અને યોગ્ય હોય, અરજદારને હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

આમ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવવામાં આવેલો જવાબ યોગ્ય હોવાનું જણાતું હોય, તેમજ અરજદારની જવાબ ન મળ્યાની તકરાર પણ જાહેર માહિતી અધિકારીની દલીલ જોતા, યોગ્ય જણાતી નથી. વળી, પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી વિભાગના રેકર્ડની વિગતે અરજદારે હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૭૩૧
તા. ૨૨ /૧૧/૨૦૧૬

**પ્રતિ,**

(૧) શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી,

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ,.. જાણ માટે.

*એમ.ડી.સોલંકી*
*ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/૧૪, ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી ઈમ્તિયાઝ એચ.ખાન**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***ફરીયાદની હકીકત :–***

**વિષયઃ–** અરજદાર શ્રી ઈમ્તિયાઝ એચ.ખાનની તા.૨૮/૧૧/૧૬ ના રોજ આર.ટી.આઈ. હેઠળની પ્રથમ અપીલ હાથો હાથ અત્રેના ખાતાને તા.૨૮/૧૧/૧૬ ના રોજ મળેલ પ્રથમ અપીલ બાબત.

**અપીલના મુદ્દા :–**

અરજદારે ઉપર વિષયમાં જણાવેલ વિગતેની અપીલમાં ચાર્જશીટનાં ચાર્જ–૧માં જણાવેલ ટી.પી.–૩૧ ફા.પ્લોટ ૧૩૧ યોજનાની નકલ (૨) ચાર્જ(૨) અનુસંધાને મેળાપીપણા અંગેના પુરાવાની નકલ (૩) ફરજ મોકુફી હુકમ અંગે થયેલ જોગવાઈની નકલ માંગવામાં આવેલ, માંગેલ માહિતી આપવાને બદલે માહિતી જોઈ જવાની પુર્તતા કરેલ તે કારણે અત્રેના ખાતાને મળેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ તા.૨૩/૧૧/૨૦૧૬ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

***<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–***

અરજદાર શ્રી ઈમ્તિીયાઝની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૧૭૨૧ નાગરિક સુવિધા કેન્દ્ર તા.૩/૧૧/૨૦૧૬ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૯૫૦૫) થી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ની માહિતી અત્રે લાગત હોવાનું જણાવી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી(નાગરીક સુવિધા કેન્દ્ર)નાં પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટવર્ડ/૧૭૨૧, તા.૪/૧૧/૧૬ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ છે.

અરજદારે તેમની અરજીના મુદ્દા નં.૧ થી ૩ થી નીચેની વિગતે માહિતીની માંગણી કરેલ છે. જે અન્વયે તેઓને કરવા જોગ પૂર્તતા નીચે મુજબ છે.

| મુદ્દા નં. | માંગેલી માહિતી | કરવા જોગ પૂર્તતા |
|---|---|---|
| ૧. | ચાર્જશીટ નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૨, તા.૧૪/૦૯/૧૬ નાં ચાર્જ(૧) માં વેસ્ટ ઝોન (રાંદેર) માં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૧ ખાતે આવેલ આવાસોમાં અમો ધ્વારા ફરજમાં ગંભીર બેદરકારી દાખવ્યા બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તો ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૧ ખાતે આવેલી JnNURM BSUP યોજના ની........ નકલ આપવી. | ખાતાકીય તપાસના નિયમોના પરિચય ૩/૨૦૦૧ તથા ૨૦૦૫ અને ગુજરાત સિવિલ સર્વિસીસ રૂલ્સ ૨૦૦૨ જોઈ જવા વિનંતી. |
| ૨. | ચાર્જ(૨) માં અમો ધ્વારા આસી.ઈજનેરશ્રી સાથે મેળાપીપણામાં રહેવા બાબતે ઉલ્લેખ કરવામાં આવેલ છે તો સદર મેળાપીપણા અંગેના પુરાવાની નકલ આપવી. | |
| ૩. | કર્મચારીને ફરજમોકુફી પર ઉતાર્યા બાદ ૯૦(નેવુ) દિવસ બાદ ખાતાકીય તપાસ શરૂ કરવામાં ન આવે તેવા સંજોગોએ ફરજ મોકુફીના હુકમ અંગે થયેલ જોગવાઈની નકલ આપવી. | |

સબબ ઉકત હકીકતે યોગ્ય જણાય તો અરજદારે અપીલમાં માંગેલ માહિતીમાં નમુના 'ક' મુજબની માહિતીની માંગણી કરેલ છે. અત્રેના રેકર્ડ આધારિત અરજદારને માહિતી ખાતાકીય તપાસના નિયમોના પરિચય ૩/૨૦૦૧ તથા ૨૦૦૫ અને ગુજરાત સિવિલ સર્વિસીસ રૂલ્સ ૨૦૦૨ જોઈ જવા તા.૨૮/૧૧/૨૦૧૬નાં રોજ અરજદાર રૂબરૂ હાજર રહી ખાતાકીય તપાસના નિયમોના પરીચયની ચોપડી જોઈ તે અંર્તગત માંગેલ પાનાં નં.૧૧ ની ઝેરોક્ષ નકલ અરજદારને રૂબરૂ આપેલ હોવા છતાં અરજદારને હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

***સુનાવણીની વિગતોઃ–***

અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલ કારણ, જાહેર માહિતી અધિકારીનો અપીલ અન્વયેનો પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ જોતા સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

***<u>અપીલ અધિકારીનું</u>*** <u>તારણઃ</u>–અરજદાર શ્રી ઈમ્તિયાઝ એચ.ખાનની મળેલ પ્રથમ અપીલ જોતાં અરજદારે તા.૨૮/૧૧/૧૬ ની કરેલ અરજી ઉપર થયેલ કાર્યવાહીની વિગત બાબતે અરજદારની તા.૦૩/૧૧/૧૬ ના રોજ આર.ટી.આઈ. હેઠળની પ્રથમ અપીલ હાથોહાથ અત્રેના ખાતાને તા.૨૮/૧૧/૧૬ ના રોજ આપેલ છે,પરંતુ અરજદારની મુળ અરજીની વિગતો જોતા,(૧)ચાર્જશીટ નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૨, તા.૧૪/૦૯/૧૬ નાં ચાર્જ(૧) માં વેસ્ટ ઝોન (રાંદેર) માં આવેલ ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૧ ખાતે આવેલ આવાસોમાં

૨...

અમો ધ્વારા ફરજમાં ગંભીર બેદરકારી દાખવ્યા બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તો ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૧ ખાતે આવેલી JnNURM BSUP યોજના ની........ નકલ આપવી. (૨) ચાર્જ(૨) માં અમો ધ્વારા આસી.ઈજનેરશ્રી સાથે મેળાપીપણામાં રહેવા બાબતે ઉલ્લેખ કરવામાં આવેલ છે તો સદર મેળાપીપણા અંગેના પુરાવાની નકલ આપવી. (૩)કર્મચારીને ફરજમોકુફી પર ઉતાર્યા બાદ ૯૦(નેવુ) દિવસ બાદ ખાતાકીય તપાસ શરૂ કરવામાં ન આવે તેવા સંજોગોએ ફરજ મોકુફીના હુકમ અંગે થયેલ જોગવાઈની નકલ આપવી.

આપના સદર મુદ્દામાં જણાવ્યા મુજબ ખાતાકીય તપાસના નિયમોના પરિચય ૩/૨૦૦૧ તથા ૨૦૦૫ અને ગુજરાત સિવિલ સર્વિસીસ રૂલ્સ ૨૦૦૨ જોઈ જવા વિનંતી.

અહી કાયદાનું અર્થઘટન એ રીતે પણ થઈ શકે કે " કાયદાની અજ્ઞાનતા એ બચાવ નથી " તે હકીકતે અરજદારને નિયમો જોઈ/વાંચી લેવા જણાવેલ. પરંતુ અરજદારે તેમ ન કરતાં અત્રેની કચેરીની રૂબરૂ સંપર્ક કરતાં તેમને નિયમોની બુકસ બતાવી તેમની માંગણી અનુસાર તેમને નિયત ફી લઈને નકલો આપી દેવામાં આવેલ. તેથી હાલની અપીલનો હેતુ રહેતો નથી.

અરજદારે તેઓની હાલની અપીલમાં જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ ની માહિતીની નકલ, મુદ્દા નં.૨ ની પુરવાની નકલ, મુદ્દા નં.૩ ની નકલ આપવા હાલની અપીલ કરેલ છે, પરંતુ ખરી હકીકતમાં મુદ્દા નં.૧ની નકલ અંગેનો રેકર્ડ અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ ન હોવાથી આપેલ નથી. મુદ્દા નં.૨ ની પુરાવાની નકલમાં અરજદારની માંગણી અન્વયે રાંદેરઝોનના તત્કાલીન ઝોનલ ચીફ/કાર્યપાલક ઈજનેર ધ્વારા તપાસ રીપોર્ટના અનુસંધાનમાં ઉલ્લેખ કરવામાં આવેલ હતો. અને તે પૈકી તપાસ રીપોર્ટની નકલની ઝેરોક્ષ અગાઉ તેમને બે વખત આપવામાં આવેલ છે. અને હાલ ફાઈલ અત્રેના ઈન્કવાયરી ખાતાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૩ ની નકલ અંગે અરજદાર રૂબરૂ ખાતાકીય તપાસના નિયમોના પરિચય ૩/૨૦૦૧ તથા ૨૦૦૫ તા.૨૮/૧૧/૨૦૧૬ના રોજ આવી જોઈ તે અંતગર્ત પાના નં.૧.૪/૪, ૧.૪/૧૫,૧.૪/૧૬,૧૫/૩, ૧.૫/૪, ૧.૫/૭,૧.૫/૧૧, ૧.૬/૧૬, ૨.૯/૯, ૨.૯૧૨, ૨.૯/૧૩ની ઝેરોક્ષ નકલની માંગણી પાના નં.૧૧ x ૨ = ૨૨ રૂપિયા(બાવીસ) ભરાવી માંગેલ માહિતીની નકલો સાદી અરજી ધ્વારા આપેલ છે, ત્યારબાદ અરજદારે પ્રથમ અપીલ કરી જાહેર માહિતી અધિકારીએ માંગેલ માહિતી આપવાને બદલે માહિતી જોઈ જવાની પુર્તતા કરેલ છે. સબબ અત્રેના રેકર્ડ આધારિત અરજદારને આપવામાં આવેલ જવાબ સાચો અને યોગ્ય હોય, અરજદારનો હાલની આ પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ પુરવાર થતુ નથી. અને અરજદારની હાલની પ્રથમ અપીલ રદ થવાને પાત્ર છે.

આમ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવવામાં આવેલો જવાબ યોગ્ય હોવાનું જણાતું હોય, તેમજ અરજદારની જવાબ ન મળ્યાની તકરાર પણ જાહેર માહિતી અધિકારીની દલીલ જોતા, યોગ્ય જણાતી નથી. વળી, પૂર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી વિભાગના રેકર્ડની વિગતે અરજદારે હાલની આ અપીલ કરવાનું કોઈ કારણ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—: <u>હુકમ</u> :—**

ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારે અપીલમાં જણાવેલ કારણસર પુરવાર થતુ ન હોય, અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૭૯૧
તા. ૧૬/૧૨/૨૦૧૬

**પ્રતિ,**
(૧) શ્રી ઈમ્તિયાઝ એચ.ખાન

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

એમ.ડી.સોલંકી
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મોબા : ૯૭૨૪૩–૪૫૫૩૩

**અપીલ અરજી નં.SMC/INQ/FAP/15 , ૨૦૧૬–૧૭**

**અરજદાર : શ્રી બચુભાઈ મોતીભાઈ વસૈયા**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ફરીયાદની હકીકત :–

**વિષયઃ–** આઈ.ડી.નં.૪૩૫(મધ્યસ્થ કચેરી) તા.૦૨/૦૧/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૯૮૮૯) થી માંગવામાં આવેલ માહિતી કોઈ જવાબ નહી મળતા તેવું કારણ જણાવી તા.૪/૦૨/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ પ્રથમ અપીલ બાબત.

## અપીલના મુદા :–

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૩૫, તા.૨/૦૧/૨૦૧૭ થી માંગેલ માહિતી કોઈ જવાબ નહી મળતાં તેવું કારણ જણાવી તા.૦૪/૦૨/૧૭ ના રોજ હાલની અપીલ કરેલ છે. જે પ્રથમ અપીલ અત્રે તા.૯/૦૨/૧૭ ના રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/15/૨૦૧૬–૧૭ થી દાખલ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–

અરજદાર શ્રી **બચુભાઈ મોતીભાઈ વસૈયા**ની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની અરજી આઈ.ડી.નં.૪૩૫(મધ્યસ્થ કચેરી) તા.૦૨/૦૧/૨૦૧૭ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૨૯૮૮૯) થી માંગવામાં આવેલ માહિતી અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતી હોવાનું જણાવી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી/આરટીઆઈ/૪૩૫, તા.૦૨/૦૧/૧૭ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદારે તેમની અરજીમાં તેઓએ ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના પાના નંગ–૦૧ તેઓને આપવા જોગ હોય, જે પાનાના રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– અંકે રૂપિયા બે પુરા મહાનગરપાલિકાના સીવીક સેન્ટરમાં જમા કરાવવા અરજદારને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૦૫, તા.૧૮/૦૧/૧૭ થી જાણ કરવામાં આવેલ. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ, અરજદારને પત્ર મળી ગયેલ હોવા છતાં અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના–ક ની અરજીના કોઈ જવાબ નહી મળતાં તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે.

અરજદારે નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી આપવાજોગ માહિતીની નકલોની નકલ ફીના નાણાં ભરપાઈ કરવા અંગેની જાણ કરતો પત્ર સમયમર્યાદામાં પોસ્ટ મારફત મોકલવામાં આવેલ છે અને તે પત્રનું કવર અત્રેના ઈન્કવાયરી ખાતાને વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનુ કવર પોસ્ટ ખાતા ધ્વારા અરજદારને સમયસર મળી ગયેલ હોવાનું જણાય છે, તેમ છતાં અરજદારે નકલ ફી ના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી. જેથી અરજદાર અત્રેથી મેળવવા જોગ માહિતી વિના મુલ્યે મેળવવા હકકદાર નથી. પરંતુ સદર પત્રમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી તેની રસીદની નકલ રજૂ કરી અત્રેથી આપવાજોગ માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. અરજદારને અપીલના જણાવ્યા મુજબનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

## સુનાવણીની વિગતોઃ–

અરજદારે કરેલ નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અરજદારની પ્રથમ અપીલમાં જણાવેલા કારણો, જાહેર માહિતી અધિકારીનો પૂર્તતા અહેવાલની વિગતો જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## અપીલ અધિકારીનું તારણઃ–

અરજદારે કરેલ હાલની પ્રથમ અપીલના અનુસંધાને જાહેર માહિતી અધિકારીની અને સેકશન ઓફિસરની પુર્તતા જોતાં, અરજદારે તેની અરજીથી**"સુરત મહાનગરપાલિકાનાં ઈન્કવાયરી વિભાગનાં પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૭૩૩, તા.૨૨/૧૧/૨૦૧૬ નાં હુકમની નકલની અરજદારે માંગણી કરેલ છે."** જે અરજદારની માંગણી અન્વયે અત્રેનાં ઉપલબ્ધ માહિતીનાં પાના નં.૧ આપવા જોગ છે. જે પાના નં.૧ નાં રૂપિયા ૨ લેખે (અંકે બે રૂપિયા )જમા કરાવવા ઈન્કવાયરી વિભાગનાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૦૫, તા.૧૮/૧/૨૦૧૭ થી જણાવેલ છે. જે પત્રનું કવર અરજદારને તેમના અરજીમાં જણાવેલા સરનામે અત્રેથી મધ્યસ્થ કચેરી મારફત સાદી ટપાલથી પોસ્ટ ખાતા મારફત મોકલવામાં આવેલ. જે પત્રનું કવર અત્રેના ખાતાને પોસ્ટ ખાતા મારફત વગર બજયે પરત મળેલ ન હોય, સદર પત્રનું કવર અરજદારને મળી ગયેલ હોવાનું અનુમાન થાય છે. આમ, અરજદારને પત્ર મળી ગયેલ હોવા છતાં અરજદારે તેમાં જણાવ્યા મુજબની નકલ ફી ના નાણાં ભરપાઈ કરી

૨...

માહિતી મેળવેલ નથી અને જાણે તેઓને નમુના–ક ની અરજીના કોઈ જવાબ નહી મળતાં તેવું ખોટું કારણ જણાવી હાલની અપીલ કરેલ છે. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

**"ઉપર ચર્ચેલ વિગતે, અરજદારને આ અપીલ કરવાનું કારણ પુરવાર થતુ નથી. જેથી અરજદારની આ પ્રથમ અપીલ નામંજુર કરવામાં આવે છે અને અરજદારને હુકમમાં જણાવેલ વિગતેના નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે."**

**અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ કની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ ની મુદતમાં રાજય માહિતી કમિશનરશ્રી, ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન" બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને બીજી અપીલ કરવા હકકદાર છે.**

(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૧૦૪૩
તા. ૨૭ /૦૨/૨૦૧૭

**પ્રતિ,**
(૧) શ્રી બચુભાઈ મોતીભાઈ વસૈયા ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.